

# ગરવી ગુજરાત

PRGI No. GUJGUJ/2008/26148

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 304
Dt.: 15-07-2026,
Wednesday
Page : 04
Rs.00.50 paisa


### ૬ ભારતીય નાગરિકો અને ૨ યુક્રેનિયન નાગરિકો ઘાયલ

# હોર્મુઝમાં UAEના ટેન્કરો પર ઈરાનનો હુમલો, એક ભારતીયનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન
સંયુક્ત આરબ અમીરાત ના સંરક્ષણ મંત્રાલયે મંગળવારે જણાવ્યું કે હોર્મુઝમાં યુએઈનો ધ્વજ ધરાવતા બે ટેન્કરો પર ઈરાની ક્રૂઝ મિસાઈલો દ્વારા કરવામાં આવેલા હુમલામાં ક્રૂના એક ભારતીય સભ્યનું મોત નીપજ્યું છે. આ હુમલામાં અન્ય આઠ સભ્યો ઘાયલ પણ થયા છે, જેમાંથી ચારની હાલત ગંભીર છે.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જાહેર કરાયેલા એક સત્તાવાર નિવેદનમાં મંત્રાલયે જણાવ્યું કે ઓમાનના જળક્ષેત્રમાં હોર્મુઝની સામુદ્રધુની ના દક્ષિણી લેનમાં ‘મોમ્બાસા’ અને ‘બાહિયા’ નામના ટેન્કરોને નિશાન બનાવવામાં આવ્યા હતા.સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઘાયલોમાં છ ભારતીય નાગરિકો અને બે યુક્રેનિયન નાગરિકો સામેલ



છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ હુમલાના પરિણામે ટેન્કર ‘મોમ્બાસા’ના ક્રૂના એક ભારતીય સભ્યએ જીવ ગુમાવ્યો છે અને અન્ય ૮ લોકો ઘાયલ થયા છે. તેમાંથી ૪ લોકોને ગંભીર ઈજાઓ થઈ છે, જેમાં ઘાયલોમાં ૬ ભારતીય નાગરિકો અને ૨ યુક્રેનિયન નાગરિકો છે.સંરક્ષણ મંત્રાલયે એ પણ માહિતી આપી હતી કે મિસાઈલ હુમલાના કારણે બંને જહાજોમાં આગ લાગી ગઈ હતી, પરંતુ બાદમાં તેના પર સંપૂર્ણ રીતે કાબૂ મેળવી લેવાયો હતો.યુએઈએ આ હુમલાની કડક શબ્દોમાં નિંદા કરી છે. આને ગંભીર ઉલ્લંઘન અને આંતરરાષ્ટ્રીય કાયદાનું સ્પષ્ટ ઉલ્લંઘન ગણાવીને ક્ષેત્રની સુરક્ષા અને સ્થિરતા માટે “ખતરો” ગણાવ્યો છે.યુએઈ સરકારે સ્પષ્ટ કર્યું છે કે દેશ આ તણાવપૂર્ણ સ્થિતિનો જવાબ આપવાનો પોતાનો સંપૂર્ણ અધિકાર અનામત રાખે છે અને પોતાનું સાર્વભૌમત્વ, નાગરિકો, રહેવાસીઓ તેમજ રાષ્ટ્રીય હિતોની રક્ષા માટે તમામ જરૂરી પગલાં લેશે. સંરક્ષણ મંત્રાલયે પણ જણાવ્યું કે તેના સશસ્ત્ર દળો હાઈ એલર્ટ પર છે અને કોઈપણ પ્રકારના જોખમનો સામનો કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. યુએઈની આ જાહેરાત ઈરાનના એ દાવા પછી સામે આવી છે, જેમાં તેણે કહ્યું હતું કે તેના રિવોલ્યુશનરી ગાર્ડ્સે હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થવાનો પ્રયાસ કરી રહેલા બે જહાજો પર ચેતવણીરૂપ ફાયરિંગ કર્યું હતું.ઈરાનના સરકારી ટેલિવિઝને અહેવાલમાં જણાવ્યું હતું કે આ વ્યૂહાત્મક જળમાર્ગમાંથી કથિત રીતે ગેરકાયદેસર રીતે પસાર થવાને કારણે જહાજોને રિવોલ્યુશનરી ગાર્ડ્સની નૌસેના દ્વારા ચેતવણીરૂપ ગોળીઓ દ્વારા નિશાન બનાવવામાં આવ્યા હતા અને રોકવામાં આવ્યા હતા.

### વકફ સંપત્તિને લઈને નવા રાજકીય નિવેદનથી ચર્ચા તેજ

## મૌલાના શહાબુદ્દીને વકફ સંપત્તિઓની તપાસની કરી માંગ

**મુખ્યમંત્રીને પત્ર લખી સુન્ની અને શિયા વકફ બોર્ડની તપાસની માંગ; આરોપોની સ્વતંત્ર તપાસ બાદ જ હકીકત સ્પષ્ટ થશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી
વકફ સંપત્તિઓના સંચાલનને લઈને ફરી એકવાર રાજકીય અને સામાજિક ચર્ચા તેજ બની છે. ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના રાષ્ટ્રીય અધ્યક્ષ મૌલાના શહાબુદ્દીન રઝવીએ વકફ સંપત્તિઓમાં કથિત ગેરરીતિઓની નિષ્પક્ષ તપાસ કરવાની માંગ ઉઠાવી છે. તેમણે દાવો કર્યો છે કે જો વકફ સંપત્તિઓની પારદર્શક તપાસ કરવામાં આવે તો અનેક મહત્વપૂર્ણ હકીકતો સામે આવી શકે છે.

મૌલાના શહાબુદ્દીન રઝવીએ જણાવ્યું કે વકફ સંપત્તિઓના સંચાલનમાં મોટા પાયે નાણાકીય અનિયમિતતાઓ થઈ હોવાના આક્ષેપો લાંબા સમયથી ચર્ચામાં છે અને તેની સંપૂર્ણ તપાસ જરૂરી છે. તેમના કહેવા મુજબ, આ મુદ્દે તેમણે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને પત્ર લખીને સુન્ની અને શિયા વકફ બોર્ડની કામગીરીની તપાસ કરવાની માંગ કરી છે.

તેમણે પોતાના નિવેદનમાં અગાઉના કેટલાક શાસનકાળ દરમિયાન વકફ સંપત્તિઓના વ્યવહારો અંગે પણ પ્રશ્નો ઉઠાવ્યા છે. તેમના આક્ષેપ મુજબ, કેટલીક કિંમતી વકફ જમીનોના સંચાલન અને વેચાણમાં ગેરરીતિઓ થઈ હોવાની શંકા છે. જોકે, આ તમામ દાવાઓ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર તપાસના અંતિમ તારણ જાહેર થયા નથી.

આ મુદ્દે શિયા ધર્મગુરુ સૈયદ સૈફ અબ્બાસે પણ વકફ બોર્ડની કામગીરીની નિષ્પક્ષ તપાસની માંગ કરી છે. તેમણે જણાવ્યું કે વકફ સંપત્તિઓના સંચાલનમાં પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવી જરૂરી છે. તેમના મતે, જો કોઈપણ પ્રકારની ગેરરીતિ સામે આવે તો જવાબદાર લોકો સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ. વકફ સંપત્તિઓ દેશભરમાં ધાર્મિક અને સામાજિક હેતુઓ માટે ઉપયોગમાં લેવાતી મહત્વપૂર્ણ મિલકતો ગણાય છે. આવા સંજોગોમાં તેના સંચાલનમાં પારદર્શિતા જળવાય તે જરૂરી હોવાનું વિવિધ વર્ગો દ્વારા સમયાંતરે કહેવામાં આવ્યું છે. હાલમાં વકફ સંપત્તિઓ અને અન્ય ધાર્મિક સંસ્થાઓના નાણાકીય વ્યવહારોને લઈને વિવિધ રાજકીય નિવેદનો સામે આવી રહ્યા છે, જેના કારણે ચર્ચા વધુ તેજ બની છે. જોકે, સંબંધિત તમામ આક્ષેપો અંગે સત્તાવાર તપાસ અને કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ કોઈ અંતિમ નિષ્કર્ષ પર પહોંચી શકાય.

## ક્રૂડ ઓઈલના ભાવમાં જોરદાર ઉછાળો, ભારત સહિત વિશ્વની અર્થવ્યવસ્થા પર ખતરો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી
અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા સૈન્ય સંઘર્ષની અસર હવે વૈશ્વિક અર્થવ્યવસ્થા પર સ્પષ્ટ રીતે જોવા મળી રહી છે. હોર્મુઝ સ્ટ્રેટમાં વધતા તણાવ અને વેપારી જહાજોની સુરક્ષા અંગે ઉભી થયેલી ચિંતાઓના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં નોંધપાત્ર તેજી જોવા મળી છે. મંગળવારે બ્રેન્ટ ક્રૂડનો ભાવ પ્રતિ બેરલ ૮૪ ડોલરથી ઉપર પહોંચી ગયો હતો, જ્યારે અમેરિકન ડબ્લ્યુટીઆઈ (WTI) ક્રૂડ પણ ૮૦ ડોલરની આસપાસ ટ્રેડ થઈ રહ્યો હતો.

ઊર્જા બજારના નિષ્ણાતોનું માનવું છે કે જો મધ્ય પૂર્વમાં હાલનો સંઘર્ષ લાંબો ચાલશે તો ક્રૂડ ઓઈલ ફરી એકવાર ૧૦૦થી ૧૨૦ ડોલર પ્રતિ બેરલની સપાટીએ પહોંચી શકે છે.હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વના સૌથી વ્યસ્ત અને વ્યૂહાત્મક દરિયાઈ માર્ગોમાંનો એક છે. ઈરાન, ઓમાન અને યુનાઈટેડ આરબ અમીરાત (UAE) વચ્ચે આવેલો આ દરિયાઈ માર્ગ વૈશ્વિક ઊર્જા વેપાર માટે અત્યંત મહત્વનો માનવામાં આવે છે. દુનિયાના કુલ ક્રૂડ ઓઈલ અને એલએનજી (LNG) પુરવઠાનો લગભગ ૨૦ ટકા હિસ્સો આ માર્ગ પરથી પસાર થાય છે. આવી સ્થિતિમાં અહીં કોઈપણ પ્રકારની સૈન્ય કાર્યવાહી અથવા જહાજોની અવરજવરમાં વિક્ષેપ સર્જાય તો તેની સીધી અસર વૈશ્વિક તેલ બજાર અને ઊર્જા પુરવઠા પર પડે છે. તાજેતરના દિવસોમાં વેપારી જહાજો પર હુમલા અને ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લઈને ઉભી થયેલી સુરક્ષા ચિંતાઓને કારણે આંતરરાષ્ટ્રીય કોમોડિટી બજારમાં અસ્થિરતા વધી છે. રોકાણકારો સુરક્ષિત રોકાણ તરફ વળી રહ્યા છે, જ્યારે અનેક દેશો પોતાના વ્યૂહાત્મક ઓઈલ ભંડાર પર નજર રાખી રહ્યા છે. વિશ્લેષકોનું કહેવું છે કે જો સંઘર્ષ વધુ વિકરાળ બનશે અને મુખ્ય ઓઈલ નિકાસ માર્ગો પ્રભાવિત થશે તો વૈશ્વિક સપ્લાય ચેઈન પર ગંભીર અસર થઈ શકે છે. ભારત માટે પણ આ પરિસ્થિતિ મહત્વપૂર્ણ છે, કારણ કે દેશ પોતાની ક્રૂડ ઓઈલની જરૂરિયાતનો મોટો ભાગ આયાત દ્વારા પૂરો કરે છે. જો હોર્મુઝ સ્ટ્રેટમાં અવરોધ સર્જાશે તો આયાત ખર્ચ વધશે, જેના કારણે પેટ્રોલ, ડીઝલ, એલપીજી અને એવિએશન ફ્યુઅલના ભાવમાં વધારો થઈ શકે છે. તેની સીધી અસર મોંઘવારી, પરિવહન ખર્ચ અને ઔદ્યોગિક ઉત્પાદન પર પડી શકે છે. રૂપિયો પણ દબાણ હેઠળ આવી શકે છે, જેના કારણે આયાત વધુ મોંઘી બનવાની શક્યતા છે. આર્થિક નિષ્ણાતો માને છે કે આગામી કેટલાક દિવસોમાં મધ્ય પૂર્વની સ્થિતિ પર વિશ્વના નાણાકીય બજારોની નજર રહેશે. જો રાજદ્વારી પ્રયાસો સફળ થશે તો તેલના ભાવમાં સ્થિરતા આવી શકે છે, પરંતુ સંઘર્ષ વધુ ઊંડો બનશે તો વૈશ્વિક શેરબજારો, ચલણ બજાર અને કોમોડિટી માર્કેટમાં વધુ અસ્થિરતા જોવા મળી શકે છે. ભારત સહિત અનેક દેશો માટે ઊર્જા સુરક્ષા અને મોંઘવારીનું સંચાલન આગામી દિવસોમાં સૌથી મોટો પડકાર બની શકે છે.

### બૂટાટી ધામ ફરી ચર્ચાના કેન્દ્રમાં આવ્યું

## બૂટાટી ધામમાં રુ.૨૨.૭૪ કરોડની કથિત અનિયમિતતાનો ખુલાસો

(સંપૂર્ણ સમાચાર સેવા)જયપુર
રાજસ્થાનના નાગૌર જિલ્લામાં આવેલું પ્રખ્યાત બૂટાટી ધામ ફરી ચર્ચાના કેન્દ્રમાં આવ્યું છે. દેશભરના લાખો શ્રદ્ધાળુઓ માટે આસ્થા કેન્દ્ર ગણાતા આ મંદિરમાં કરોડો રૂપિયાની કથિત નાણાકીય ગેરરીતિઓ સામે આવતાં વહીવટી તંત્ર અને રાજકીય વર્તુળોમાં ચર્ચા તેજ બની છે. જિલ્લા કલેક્ટરના આદેશ બાદ રચાયેલી તપાસ સમિતિએ પોતાના અહેવાલમાં મંદિરના નાણાકીય વ્યવહારોમાં અનેક અનિયમિતતાઓનો ઉલ્લેખ કર્યો છે.

૧૩ સભ્યોની તપાસ સમિતિએ લગભગ ૧૪૬ દિવસ સુધી મંદિરના હિસાબ, ઓડિટ રિપોર્ટ, દાનની આવક અને અન્ય નાણાકીય દસ્તાવેજોની વિગતવાર તપાસ કરી હતી. સમિતિના અહેવાલ મુજબ મંદિરની આવક અને દાનના હિસાબમાં અંદાજે ૨૨.૭૪ કરોડની કથિત અનિયમિતતાઓ નોંધાઈ છે. આ ઉપરાંત અનેક ખર્ચ માટે પૂરતા દસ્તાવેજો ઉપલબ્ધ ન હોવાનું પણ સામે આવ્યું છે. તપાસ દરમિયાન મંદિરને મળેલા સોના-ચાંદીના આભૂષણો અને કિંમતી ધાતુઓના રેકોર્ડમાં પણ ગંભીર ખામીઓ જોવા મળી હોવાનું જણાવાયું છે. અહેવાલ મુજબ અંદાજે ૨.૬૦ કરોડ મૂલ્યના આભૂષણો અને કિંમતી વસ્તુઓનો સંપૂર્ણ હિસાબ સ્ટોક રજિસ્ટર અને નાણાકીય દસ્તાવેજોમાં ઉપલબ્ધ નથી. આ મુદ્દે વધુ તપાસ કરવાની ભલામણ કરવામાં આવી છે.

ભોજનશાળાના નિર્માણ ખર્ચ અંગે પણ તપાસ સમિતિએ પ્રશ્નો ઉઠાવ્યા છે. અહેવાલ મુજબ આશરે ૪૯.૪૯ લાખના બિલો રજૂ કરવામાં આવ્યા હતા, જ્યારે તપાસમાં જાણવા મળ્યું કે નિર્માણ કાર્યનો મોટો ભાગ એક દાતાએ પોતાના ખર્ચે કરાવ્યો હતો. ઉપરાંત રસોડાના ખર્ચમાં અસામાન્ય વધારો, સીસીટીવી સિસ્ટમ પાછળ લગભગ ૮૨.૪૧ લાખના ખર્ચ માટે ટેન્ડર અથવા કોટેશન સંબંધિત પૂરતા પુરાવા ન મળ્યાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સમિતિએ ગૌશાળાની જાળવણી, સુરક્ષા વ્યવસ્થા, ગ્રામ વિકાસ, ફર્નિચર, કમ્પ્યુટર ખરીદી અને મરામત જેવા ખર્ચમાં પણ દસ્તાવેજી ખામીઓ દર્શાવી છે. દાનપેટીમાં પ્રાપ્ત થયેલી રકમ અને બેંક ખાતામાં જમા થયેલી રકમ વચ્ચે પણ તફાવત હોવાનું તપાસમાં સામે આવ્યું છે, જેના કારણે સમગ્ર નાણાકીય વ્યવસ્થાપન અંગે ગંભીર સવાલો ઊભા થયા છે.

તપાસ સમિતિએ જવાબદાર વ્યક્તિઓ સામે કેસ નોંધવા, ફોરેન્સિક ઓડિટ કરાવવા અને કાયદાકીય કાર્યવાહી શરૂ કરવાની ભલામણ કરી છે. હવે રાજ્ય સરકાર અને સંબંધિત વિભાગો આગામી પગલાં શું ભરે છે તેના પર સૌની નજર છે. આ મુદ્દો હવે રાજકીય રંગ પણ ધારણ કરી રહ્યો છે. વિરોધ પક્ષે સમગ્ર મામલે નિષ્પક્ષ અને પારદર્શક તપાસની માંગ કરી છે અને દાનની રકમ તથા અન્ય નાણાકીય વ્યવહારોની સંપૂર્ણ વિગતો જાહેર કરવાની માંગ ઉઠાવી છે. બૂટાટી ધામ લાખો શ્રદ્ધાળુઓની આસ્થાનું પ્રતિક માનવામાં આવે છે.

## અયોધ્યા બાદ હવે મથુરા-વૃંદાવનમાં સપા વિરુદ્ધ પોસ્ટર વોર

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનૌ
ઉત્તર પ્રદેશના મથુરા-વૃંદાવનમાં વિવાદાસ્પદ હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યા બાદ રાજકીય ગરમાવો આવી ગયો છે.ગોવર્ધન ચોકડી પાસે હાઈવે અને FCI ગોડાઉન નજીક લગાવવામાં આવેલા આ હોર્ડિંગ્સમાં સમાજવાદી પાર્ટી (SP)ના સ્થાપક દિવંગત મુલાયમ સિંહ યાદવ અને રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવને એક ધર્મ વિશેષની ટોપી પહેરેલા દર્શાવવામાં આવ્યા છે.આ સાથે જ હોર્ડિંગ પર "દિલમાં બાબર, મુખમાં રામ..."જેવા આપત્તિજનક નારા પણ લખવામાં આવ્યા હતા.જેને લઈને સ્થાનિક લોકોની નજર આ હોર્ડિંગ્સ પર પડતા જ તેના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ ગયા હતા. આ ઘટનાની જાણ થતાં જ સમાજવાદી પાર્ટીના કાર્યકરોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો હતો. કાર્યકરોએ તેને પાર્ટીની છબી ખરડાવવાનું અને જાણીજોઈને રાજકીય માહોલ બગાડવાનું ષડયંત્ર ગણાવી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. મામલો બિચકે તે પહેલા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને ગોવર્ધન ચોકડી તથા FCI પાસે લાગેલા બંને વિવાદાસ્પદ હોર્ડિંગ્સને તાત્કાલિક અસરથી હટાવી દીધા હતા. પ્રાથમિક માહિતી મુજબ, સોમવારે મોડી રાત્રે અંધારાનો લાભ લઈને કોઈ અજાણ્યા તત્વો દ્વારા આ કૃત્ય કરવામાં આવ્યું હોવાની આશંકા છે.

### રશિયા સામે EUના નવા પ્રતિબંધો પર નિર્ણય ટળ્યા

## યુરોપિયન યુનિયનના પ્રતિબંધો પર સહમતિ ન બનતા ભારતને રાહત

(સંપૂર્ણ સમાચાર સેવા)બ્રસેલ્સ
યુરોપિયન યુનિયન (EU)ના સભ્ય દેશો રશિયા સામેના નવા પ્રતિબંધોના ૨૧મા પેકેજ પર સર્વસંમતિ હાંસલ કરવામાં નિષ્ફળ રહેતા વૈશ્વિક વેપાર ક્ષેત્રમાં નવી ચર્ચા શરૂ થઈ છે. સોમવારે યોજાયેલી વિદેશ મંત્રીઓની બેઠકમાં વિવિધ સભ્ય દેશો વચ્ચે મતભેદ જોવા મળતાં નવા પ્રતિબંધો અંગે અંતિમ નિર્ણય ટળી ગયો છે. આ વિકાસને ભારત સહિત એવા દેશો માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે, જે રશિયા અને યુરોપિયન બજારો બંને સાથે વ્યાપારી સંબંધો જાળવી રહ્યા છે.ભારત હાલમાં રશિયાથી મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઈલની આયાત કરે છે, જ્યારે યુરોપિયન યુનિયન ભારતના મુખ્ય નિકાસ બજારોમાંનો એક છે. તેથી નવા પ્રતિબંધો અંગે અનિશ્ચિતતા દૂર ન થતાં ભારત માટે હાલની વેપાર વ્યવસ્થા યથાવત રહેવાની શક્યતા વધી છે. જોકે, ભવિષ્યમાં ઈ઼ દ્વારા લેવાતા નિર્ણયો પર સ્થિતિ નિર્ભર રહેશે. બેઠક દરમિયાન રશિયા સામે વધુ કડક પ્રતિબંધો, ખાસ કરીને ઊર્જા ક્ષેત્ર અને તેલની કિંમતોને લગતા પગલાં અંગે ચર્ચા થઈ હતી. પરંતુ તમામ સભ્ય દેશો વચ્ચે સહમતિ ન બનતા પ્રસ્તાવ આગળ વધી શક્યો નહીં. અહેવાલો મુજબ, કેટલાક દેશોએ આર્થિક અને ઊર્જા સુરક્ષાને ધ્યાનમાં રાખીને વધુ ચર્ચાની જરૂરિયાત દર્શાવી હતી.

પ્રતિબંધોના પ્રસ્તાવમાં રશિયન ક્રૂડ ઓઈલ પર લાગુ પ્રાઈસ કેપની વ્યવસ્થા, કેટલીક આયાત-નિકાસ પર નિયંત્રણ અને અન્ય વેપાર સંબંધિત પગલાંનો સમાવેશ થતો હતો. જોકે, અંતિમ મંજૂરી ન મળતાં હાલની સ્થિતિમાં કોઈ તાત્કાલિક ફેરફાર થયો નથી. ઊર્જા બજારના નિષ્ણાતોનું માનવું છે કે રશિયન તેલ અંગેની નીતિમાં કોઈપણ ફેરફાર વૈશ્વિક ક્રૂડ બજાર પર સીધી અસર કરી શકે છે. ખાસ કરીને મધ્ય પૂર્વમાં વધતા ભૂરાજકીય તણાવ વચ્ચે ક્રૂડ ઓઈલના ભાવ પહેલાથી જ અસ્થિર છે. આવી સ્થિતિમાં યુરોપિયન યુનિયનનો આગામી નિર્ણય આંતરરાષ્ટ્રીય બજારો માટે મહત્વપૂર્ણ રહેશે. ભારત માટે આ સ્થિતિ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. એક તરફ ભારત પોતાની ઊર્જા જરૂરિયાતો માટે રશિયન તેલની આયાત ચાલુ રાખી શકે છે, તો બીજી તરફ યુરોપિયન દેશો સાથે વેપાર અને નિકાસમાં પણ હાલ કોઈ નવા અવરોધ ઊભા થયા નથી. જોકે, નિષ્ણાતોનું કહેવું છે કે આને કાયમી રાહત તરીકે જોવી યોગ્ય નહીં હોય, કારણ કે EUના પ્રતિબંધો અંગેની ચર્ચા હજુ પૂર્ણ થઈ નથી.

## નેપાળમાં લોકો ફરી રસ્તા પર ઉતર્યા, બાલેન શાહ સરકારનો વિરોધ

(સંપૂર્ણ સમાચાર સેવા)કાઠમંડુ
નેપાળમાં લોકો ફરી એકવાર રસ્તા પર ઉતર્યા છે. જે હાલમાં જ ચૂંટાયેલા બાલેન શાહની સરકાર સામે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. વહીવટીતંત્રના કડક વલણના પગલે લોકો બાલેન શાહ સરકાર પર આક્રોશમાં છે.

આ અંગે મળતી માહિતી મુજબ સરકારી અધિકારીઓ ગેરકાયદે દબાણ વિરુદ્ધ કડક પગલાં લઈ રહ્યા છે. જેના લીધે ગરીબો અને બેઘર લોકો માટે મુશ્કેલીઓ વધી છે. જેથી લોકો વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. જેમાં હજારો ઝૂંપડપટ્ટીના રહેવાસીઓએ તેમને વૈકલ્પિક પુનર્વસનની વ્યવસ્થા વિના બહાર કાઢવાના ૧૨ જુલાઈના સરકારના નિર્ણય સામે વિરોધ કર્યો હતો.

આ વિરોધ પ્રદર્શન યુનાઈટેડ નેશનલ લેન્ડલેસ મોરચાના કોલ પર આયોજિત આ પ્રદર્શન કાઠમંડુમાં સિંહદરબાર સચિવાલયની સામે સ્થિત મૈતીઘર મંડલા ખાતે થયું હતું.




# તંત્રી લેખ......

## અમેરિકા-ઈરાન યુદ્ધ ભારતની ચિંતાઓમાં વધારો કરે છે

અમેરિકા-ઈરાન યુદ્ધમાં સામેલ ન હોવા છતાં, આપણે આ યુદ્ધના ભોગ બન્યા છીએ, અને તે અજ્ઞાત છે કે આપણે કેટલો સમય તેની ગરમી સહન કરવી પડશે. જ્યારે આપણે આર્થિક નુકસાન સહન કરી રહ્યા છીએ, ત્યારે રાજકીય મૂંઝવણો પણ વધી છે. સદનસીબે, વડા પ્રધાન મોદી વ્યવહારિક અને રાજકીય રીતે દૂરંદેશી બંને છે. અમેરિકા અને ઈરાન વચ્ચેનું યુદ્ધ બહુપક્ષીય છે. બહુપક્ષીય કારણ કે ઈરાનને તેના તેલ સંસાધનો અને વેપાર માર્ગો સંબંધિત તેના હિતોને પૂર્ણ કરવાની જરૂર છે. અમેરિકાએ ઈરાનને અડીને આવેલા અનેક તેલ સમૃદ્ધ દેશોમાં લશ્કરી માળખાગત સુવિધાઓ સ્થાપિત કરી છે. ઈરાન માને છે કે આ આરબ દેશો દ્વારા, અમેરિકા તેની તેલ સંપત્તિને ધમકી આપી શકે છે. તેથી, આ આરબ દેશો, અમેરિકા સાથે, તેના દુશ્મન માનવામાં આવે છે. જ્યારે અનેક પ્રયાસો પછી થોડી શાંતિ પ્રાપ્ત થઈ હતી, તે ટકી શકી નથી. સ્પષ્ટપણે, સ્વિટ્ઝર્લેન્ડમાં આપેલા વચનો વિશ્વાસની કસોટી પર ખરા ઉતરવામાં નિષ્ફળ ગયા છે. બંને પક્ષો હોર્મુઝ સ્ટ્રેટનો ઉપયોગ હથિયાર તરીકે કરીને એકબીજા પર ફાયદો મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. હોર્મુઝ સ્ટ્રેટનું મહત્વ ફક્ત ગલ્ફ તેલ ઉત્પાદક દેશો માટે જ નહીં પરંતુ વિશ્વભરના ગ્રાહકો માટે પણ કોઈ રહસ્ય નથી. જો આ જળમાર્ગ બંધ રહેશે, તો ગલ્ફનો મુખ્ય તેલ વેપાર ટૂંક સમયમાં જોખમમાં મુકાશે. ઈરાન આમાં એક મુખ્ય ખેલાડી છે, જેમ કે ઈઝરાયલ. ઈઝરાયલ માને છે કે જ્યાં સુધી આરબ એકતા રહેશે, ત્યાં સુધી યહૂદી રાષ્ટ્ર જોખમમાં રહેશે. પેલેસ્ટાઈન તેની સરહદો પર સતત ખતરાના ઘંટ વગાડે છે, જ્યારે યુનાઈટેડ સ્ટેટ્સ, જે લાંબા સમયથી તેલ નિકાસકારોનો તાજ વગરનો રાજા બનવાની ઈચ્છા રાખે છે, તે માને છે કે આરબો પાસે વિશાળ તેલ સંપત્તિ છે, પરંતુ તેનું સંચાલન કરવાની કુશળતા નથી અને ન તો તેઓ પોતાનું રક્ષણ કરવા સક્ષમ છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પ માને છે કે અમેરિકાને આર્થિક અને રાજકીય રીતે મહાન બનાવવા માટે, તેણે આરબ તેલ પર જાગીર સ્થાપિત કરવી પડશે. કેટલાક આરબ દેશો આમાં અવરોધ ઉભો કરી રહ્યા હતા. ટ્રમ્પના મતે, આરબો ઉપરાંત, ઈરાન પણ એક મોટો અવરોધ હતો. ટ્રમ્પને શંકા હતી કે ઈરાન પરમાણુ બોમ્બ વિકસાવવામાં નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરવાની નજીક છે. ગલ્ફ યુદ્ધના બહુપક્ષીય સંઘર્ષોનો અંતિમ ઉકેલ ઈરાની નેતાઓ અથવા ટ્રમ્પની પહોંચની બહાર દેખાય છે, કારણ કે બંને પક્ષોએ મોટી સંખ્યામાં સમર્થકો અને દુશ્મનો ઉછેર્યા છે. જો આપણે દરેક મુદ્દાની તપાસ કરવાનું શરૂ કરીએ, તો આપણને ખબર પડશે કે દરેકનો પોતાનો ઈતિહાસ છે, અને તે ઈતિહાસ સંઘર્ષ અને હિંસાનો છે. ગલ્ફ ક્ષેત્રનો એક દેશ, ઈરાન, તેના ઈતિહાસના વિવિધ તબક્કામાં, સાહિત્ય, ફિલસૂફી અને ભાષાનો દેશ રહ્યો છે, અને અન્ય સમયે હિંસા અને પુરુષત્વનો દેશ રહ્યો છે. ઈસ્લામના ઉદય દરમિયાન, તેમાં ઈસ્લામિક આક્રમણકારોનું વર્ચસ્વ હતું. આ પ્રક્રિયામાં, જ્યારે મોટાભાગના આરબો સુન્ની બન્યા, ત્યારે ઈરાને શિયા વિચારધારાનું પાલન કર્યું. ખરેખર, આ અલગતાએ ઈરાનને તેના પાડોશી, સાઉદી અરેબિયાની વિરુદ્ધ વૈચારિક અને રાજકીય માર્ગ અપનાવવાની ફરજ પાડી. આજે પણ, ઈરાન અને સાઉદી અરેબિયા નદીના વિરુદ્ધ કિનારે છે. તેલના કારણે, સાઉદી અરેબિયાએ અમેરિકા સાથે જોડાણ કર્યું, જ્યારે ઈરાન પોતાનો માર્ગ અપનાવ્યો. તેમની અલગ ઓળખ ઈરાની નેતૃત્વ હેઠળ ઈસ્લામિક સરમુખત્યારશાહી શાસન સ્થાપિત કરે છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચેની દુશ્મનાવટ પરંપરાગત છે, જેને ઈરાનીઓ જન્મજાત માને છે અને ઈઝરાયલીઓ વંશીય.

### પતિને હોટલમાં અન્ય યુવતી સાથે રંગેહાથ ઝડપ્યા

## મધ્ય પ્રદેશમાં હોટલમાં પત્નીએ પતિને અન્ય યુવતી સાથે પકડતા ભારે હોબાળો

### પત્નીનો છેતરપીંડી અને બીજા સંબંધોના આરોપ; યુવતીએ પણ લગ્નનું વચન આપી ગેરમાર્ગે દોર્યાનો કર્યો દાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)રીવા

મધ્ય પ્રદેશના રીવા શહેરમાં એક હોટલમાં પરિણીત વ્યક્તિને અન્ય યુવતી સાથે મળતા ભારે હોબાળો સર્જાયો હતો. પોતાની પત્નીની ફરિયાદના આધારે પોલીસે સંબંધિત વ્યક્તિની અટકાયત કરીને સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર વિસ્તારમાં આ કેસ ચર્ચાનો વિષય બન્યો છે.

પ્રાથમિક માહિતી મુજબ, સીધી જિલ્લાના રહેવાસી એક મહિલાને શંકા હતી કે તેનો પતિ છેલ્લા કેટલાક સમયથી અન્ય યુવતીના સંપર્કમાં છે. મહિલાએ પોતાના સ્તરે તપાસ શરૂ કરી હતી. ત્યારબાદ તેને જાણ થઈ કે તેનો પતિ રીવાની એક હોટલમાં રોકાયો છે. આ માહિતી મળતાં તે હોટલ પહોંચી હતી.

ફરિયાદ અનુસાર, પત્નીએ હોટલના રૂમમાં પોતાના પતિને અન્ય યુવતી સાથે જોયા બાદ બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ઘટનાસ્થળે હોબાળો મચતાં સ્થાનિક લોકો પણ એકત્ર થયા હતા. બાદમાં મામલો પોલીસ સુધી પહોંચ્યો અને બંને પક્ષોને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા.

પીડિત મહિલાનો આરોપ છે કે તેના લગ્ન વર્ષ ૨૦૨૫માં કાયદેસર રીતે થયા હતા. લગ્ન બાદ થોડા સમયથી પતિ ઘરની બહાર રહેવા લાગ્યો હતો અને તેનો સંપર્ક પણ ઓછો કરી દીધો હતો. મહિલાનું કહેવું છે કે બાદમાં તેને ખબર પડી કે પતિ અન્ય યુવતી સાથે સંબંધમાં હતો. તેણે પતિ સામે છેતરપીંડી, જાણ કર્યા વિના અન્ય સંબંધ રાખવા અને માનસિક સતામણી જેવા આક્ષેપો સાથે લેખિત ફરિયાદ નોંધાવી છે.

બીજી તરફ, હોટલમાં હાજર યુવતીએ પણ પોલીસ સમક્ષ દાવો કર્યો છે કે આરોપીએ પોતાને અવિવાહિત હોવાનું કહી લગ્નનું વચન આપ્યું હતું. તેણીના જણાવ્યા મુજબ, બંનેની ઓળખ સોશિયલ મીડિયા મારફતે થઈ હતી અને બાદમાં આરોપીએ પોતાની વૈવાહિક સ્થિતિ અંગે સાચી માહિતી આપી નહોતી. યુવતીએ પણ પોતે છેતરાયાની વાત પોલીસ સમક્ષ મૂકી હોવાનું જણાવાયું છે.

પોલીસે બંને પક્ષોના નિવેદનો નોંધ્યા છે અને લગ્ન સંબંધિત દસ્તાવેજો સહિત અન્ય પુરાવાની તપાસ શરૂ કરી છે. અધિકારીઓનું કહેવું છે કે તપાસ પૂર્ણ થયા બાદ ઉપલબ્ધ પુરાવા અને લાગુ કાયદાકીય જોગવાઈઓના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

આ ઘટનાએ સોશિયલ મીડિયા પર ભારે ચર્ચા જગાવી છે. જોકે, પોલીસનું કહેવું છે કે કેસના તમામ પાસાઓની નિષ્પક્ષ તપાસ ચાલી રહી છે અને અદાલતી પ્રક્રિયા તથા તપાસ પૂર્ણ થયા બાદ જ કોઈ અંતિમ નિષ્કર્ષ પર પહોંચી શકાય.

## છ દાયકા પહેલા ગીરમાંથી વિલુપ્ત થયેલા 'ચિલોત્રા' પક્ષી ફરી કલરવ કરતા થયાં: રાજ્ય સરકારનાં રિ-ઈન્ટ્રોડક્શન પ્રોજેક્ટને સફળતા મળી

### તાજેતરનાં અભ્યાસમાં જાણવા મળ્યું કે, ઈન્ડિયન ગ્રે હોર્નબિલ પક્ષીઓ હવે ગીરનાં જંગલમાં સ્થાયી થઈ ગયાં છે, માળાં બનાવે છે અને પ્રજનન પણ કરે છે

ગુજરાત વન વિભાગને ઘોરાડ પક્ષીનાં (ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ) સંરક્ષણ બાબતે થોડા દિવસો પહેલા જ એક મોટી સિદ્ધિ મળી છે. જેમાં 'જમ્પ-સ્ટાર્ટ' ટેકનિક દ્વારા જન્મેલું ઘોરાડ પક્ષીનું બીજું બચ્ચું જન્મ પછીના કટોકટી જેવા ગણાતા ૪૦ દિવસ સુધી જીવી ગયુ છે. આ એક મહત્વની સિદ્ધી ગણાય છે. આ જ સમયે ગુજરાત વન્યજીવ સરંક્ષણની સફળતાનાં એક બીજા મોટા સમાચાર આવ્યા છે.



ગુજરાતનાં ગીર જંગલમાંથી છ દાયકા પહેલા વિલુપ્ત થઈ ગયેલા ઈન્ડિયન ગ્રે હોર્નબિલ (ચિલોત્રો) પક્ષીને ફરી પાછા ગીરમાં વસાવવાનાં પ્રયત્નોને સફળતા મળી છે.

છ દાયકા પહેલા ગીરનાં જંગલમાંથી વિલુપ્ત થયેલા ચિલોત્રા પક્ષીને ફરી વખત વર્ષ ૨૦૨૧માં અરવલ્લીનાં જંગલોમાંથી લાવી ગીરમાં છોડવામાં આવ્યા હતા. રાજ્ય સરકારનાં આ 'ઈન્ડિયન ગ્રે હોર્નબિલ રિ-ઈન્ટ્રોડક્શન' પ્રોજેક્ટને સફળતા મળી છે. કેમ કે, આ પક્ષી હવે અહીં સ્થાયી થઈ ગયુ છે, એટલુ જ નહીં પણ તે અહીં માળા પણ બનાવે છે અને પ્રજનન પણ કરે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ, ભારતમાં વન્યજીવ સરંક્ષણનો એક નવો અધ્યાય શરૂ થયો છે. લુપ્ત થયેલા ચિત્તા, ઘોરાડ જેવા અનેક પ્રાણી-પક્ષીઓને ફરી વખત જંગલોમાં છોડવામાં આવે છે અને તેનું વૈજ્ઞાનિક ઢબે નિરીક્ષણ અને સંરક્ષણ કરવામાં આવે છે.

"મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં વન વિભાગ દ્વારા વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે મહત્વના આયામો હાથ ધરવામાં આવ્યા છે. વિલુપ્ત થવાના આરે આવેલા ઘોરાડ પક્ષીથી લઈ ઈન્ડિયન ગ્રે હોર્નબિલનાં રિ-ઈન્ટ્રોડક્શન પ્રોજેક્ટને મળેલી સફળતા આના ઉત્તમ ઉદાહરણો છે. વર્ષ ૨૦૨૧માં ગીર જંગલમાં ચિલોત્રા પક્ષીને ફરીથી વસાવવામાં આવ્યા. આ ઘટનાને પાંચ વર્ષ થયા. હવે આ પક્ષી તેના નવા વસવાટમાં ગોઠવાઈ ગયા છે. અને પ્રજનન પણ છે. જે આ પ્રોજેક્ટની સફળતા દર્શાવે છે. ૧૯૫૦ અને ૧૯૬૦ના દાયકામાં ગીરનાં જગંલમાંથી અદૃશ્ય થઈ ગયેલા ચિલોત્રા પક્ષીને ફરી વખત ત્યાં પાછા લાવવાનાં પ્રોજેક્ટને સફળતા મળવી એ એક સીમાચિહ્નરૂપ ઘટના છે,'' ગુજરાતનાં વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું.

"ગુજરાતનાં વન્યજીવ સરંક્ષણનાં મોડેલે વિશ્વને બતાવ્યું છે કે, તેની પ્રાકૃતિક વિરાસતનું સંરક્ષણ અને રક્ષણ કેવી રીતે કરવું. રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા વન્યજીવ સરંક્ષણનાં વિશેષ પ્રયત્નોને મળેલી સિદ્ધિ પર સમગ્ર દેશ ગર્વ અનુભવે છે." ગુજરાતનાં વન અને પર્યાવરણનાં રાજ્ય મંત્રી શ્રી પ્રવિણ માળીએ જણાવ્યું.

આંતરરાષ્ટ્રીય પીઅર-રીવ્યુડ જર્નલ 'બર્ડ્સ'માં "Reintroduction of Indian Grey Hornbills in Gir, India: Insights into Ranging, Habitat Use, Nesting and Behavioural Patterns" શિર્ષક હેઠળ એક સંશોધન પત્ર તાજેતરમાં પ્રકાશિત થયુ છે. આ સંશોધન પત્રમાં ગુજરાત વન વિભાગ અને તેની સાથે જોડાયેલી સંસ્થાઓ દ્વારા ગીરમાં ચિલોત્રા પક્ષીને પાછા લાવવાનાં પ્રયાસનું પ્રથમ વખત વ્યાપક મૂલ્યાંકન રજૂ કરવામાં આવ્યું છે.

**ચિલોત્રાનું ઈકોલોજીમાં મહત્વનું યોગદાન**

"ચિલોત્રો પક્ષીને ગીરનાં જગંલમાં મુક્ત કર્યા પછીના પ્રથમ વર્ષ દરમિયાન એક જોડીએ સફળતાપૂર્વક પ્રજનન કર્યું હતુ જ્યારે બીજા વર્ષમાં વધારાની ત્રણ સંવર્ધન જોડીઓએ માળો બનાવ્યો હતો. આ દર્શાવે છે કે, ચિલોત્રાએ ગીરને ફરીથી પોતાનું ઘર બનાવી લીધુ છે. આ પક્ષી લાંબા અંતર સુધી વૃક્ષોનાં બીજનો ફેલાવો કરે છે. તેનું આ વર્તન ઈકોલોજીની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ ગણાય છે. આ પક્ષી ફળ આપતા વૃક્ષોના બીજનું વહન કરીને જંગલોના કુદરતી પુનર્જીવનમાં મદદ કરે છે," ગુજરાતના વન અને પર્યાવરણ વિભાગના અગ્ર સચિવ વિનોદ રાવે જણાવ્યું.

**ગીરના જંગલોમાં ૪૦ ઈન્ડિયન ગ્રે હોર્નબિલ છોડાયા હતા**

"આ પ્રોજેક્ટ હેઠળ બે તબક્કામાં ૪૦ ઈન્ડિયન ગ્રે હોર્નબિલને ગીરનાં જંગલોમાં મુક્ત કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૨ દરમિયાન ૨૮ પક્ષીઓ મુક્ત કરવામાં આવ્યા હતા, ત્યારબાદ વર્ષ ૨૦૨૩માં અન્ય ૧૨ પક્ષીઓ મુક્ત કરાયા હતા. મુક્ત કરવામાં આવેલા પક્ષીઓમાંથી ૧૧ નર પક્ષીઓમાં સેટેલાઈટ ટ્રાન્સમીટર ફીટ કરવામાં આવ્યા હતા, જેનાથી વૈજ્ઞાનિકો ઘણા વર્ષો સુધી તેમની હિલચાલ, વસવાટનો ઉપયોગ અને પ્રજનન વર્તણૂકને જાણી શક્યા," જુનાગઢ વન વર્તુળનાં વન સરંક્ષક અને આ અભ્યાસના સહ-લેખક મોહન રામે જણાવ્યું.

"ગુજરાતના અરવલ્લીના જંગલોમાં વસતા ઈન્ડિયન ગ્રે હોર્નબિલને લાવીને ગીરમાં પુનઃવસાવવામાં આવ્યા હતા. ગીરનાં જંગલોનાં અભ્યાસ પરથી તજજ્ઞોનાં લાગ્યુ કે, હવે ગીરમાં ચિલોત્રા પક્ષીને અનુરૂપ પરિસ્થિતિ છે,'' મોહન રામે વધુમાં ઉમેર્યુ.

"ગ્રે હોર્નબિલ દાયકાઓ પહેલા ગીરમાંથી અદૃશ્ય થઈ ગયા હતા, પરંતુ ૧૯૬૫માં ગીર વન્યજીવ અભયારણ્ય અને ૧૯૭૫માં ગીર રાષ્ટ્રીય ઉદ્યાનની જાહેરાત પછી વસવાટના રક્ષણમાં થયેલા સુધારાએ આ પ્રજાતિને પાછી લાવવા માટે અનુકૂળ પરિસ્થિતિઓ ઊભી કરી હતી, " અગ્ર મુખ્ય વન સરંક્ષક (વન્યજીવ) અને ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડન ડો. જયપાલ સિંહે જણાવ્યું.

**ચિલોત્રા પક્ષી હવે ગીરમાં સ્થાયી થઈ ગયા**

સેટેલાઈટ ટ્રેકિંગ દર્શાવે છે કે નવા મુક્ત કરાયેલા ઈન્ડિયન ગ્રે હોર્નબિલે શરૂઆતમાં અજાણ્યા વાતાવરણની શોધખોળ કરતી વખતે વ્યાપક પ્રવાસ કર્યો હતો અને ત્યારબાદ તેઓ પ્રમાણમાં નાના વિસ્તારોમાં સ્થાયી થયા હતા.

મુક્ત થયા પછીના પ્રથમ થોડા મહિના દરમિયાન, ચિલોત્રાએ સરેરાશ લગભગ ૬૧ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં અવરજવર રાખી હતી. આ પછીથી આ વિસ્તારથી પરિચિત થઈ ગયા ત્યારે ઘટીને લગભગ ૫.૭ ચોરસ કિલોમીટર થઈ ગઈ. તે જ રીતે, તેમની સરેરાશ દૈનિક હિલચાલ શોધખોળના તબક્કા દરમિયાન ૪.૩ કિલોમીટર હતી જે સ્થાયી થયા પછી ઘટીને ૧.૪ કિલોમીટર થઈ ગઈ હતી, જે ગીરની ઈકોસિસ્ટમ સાથે સફળ અનુકૂલન સૂચવે છે.

### વીડિયો વાઈરલ થતાં નવરંગપુરા પોલીસ 'ભાન'માં આવી

## અમદાવાદમાં રિક્ષાને દારૂનો અડ્ડો બનાવનાર બુટલેગર ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના અતિ પોશ અને ચહેલપહેલવાળા નવરંગપુરા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાવતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. બે-ત્રણ દિવસ પહેલા નવરંગપુરા જેવા લોકોથી ધમધમતા વિસ્તારમાં, લીબર્ટી ચાર રસ્તા નજીક રોડની કિનારીએ રિક્ષા ઊભી રાખીને એક બુટલેગર કોઈ પણ જાતના ડર વગર બિન્દાસ દારૂનો વેપલો કરી રહ્યો હતો.

આ સમગ્ર કરતૂતનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો ત્યારે જઈને સ્થાનિક તંત્ર સફાળું જાગ્યું છે. જો કે, આ ઘટનાએ નવરંગપુરા પોલીસની કામગીરી અને નિષ્ઠા સામે ગંભીર સવાલો ઊભા કરી દીધા છે. સૌથી મોટો સવાલ એ છે કે, જે નવરંગપુરા પોલીસ સ્ટેશનની પીસીઆર વાન ચોવીસ કલાક વિસ્તારમાં પેટ્રોલિંગના દાવા કરે છે, તે પોલીસને પોતાની નાક નીચે થઈ રહેલા આ ખુલ્લેઆમ દારૂના વેચાણની જરાય ભણક કેમ ન લાગી? સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ થઈ જાય, જનતામાં હોબાળો મચી જાય ત્યાં સુધી સ્થાનિક પોલીસ કઈ ઊંઘમાં હતી? શું આ નવરંગપુરા પોલીસની આળસનું પરિણામ છે કે પછી કથિત રીતે બુટલેગર સાથે કોઈ સાંઠગાંઠની સુગંધ આવી રહી છે?

જ્યારે આ શરમજનક વીડિયો ઉચ્ચ પોલીસ અધિકારીઓના ધ્યાને આવ્યો, ત્યારે સ્થાનિક પોલીસ દોડતી થઈ હતી. પોલીસે એક્શન લઈને ૩૩ વર્ષીય બુટલેગર પ્રતાપભાઈ ગોપાલભાઈ સોનીને રિક્ષા અને દારૂના જથ્થા સાથે ઝડપી પાડી ગુનો તો નોંધી લીધો છે, પણ આ કાર્યવાહી સ્વયંભૂ થવાને બદલે 'ઉપરથી દબાણ' આવ્યા બાદ જ કેમ થઈ? બીજી તરફ ઉચ્ચ અધિકારીઓએ નવરંગપુરા પોલીસ સ્ટેશનના કર્મચારીઓ સામે દાખલારૂપ કાર્યવાહી કરવાના બદલે માત્ર આરોપીની ધરપકડથી જ સંતોષ માની લેતા પણ અનેક સવાલ ઊભા થઈ રહ્યા છે. લીબર્ટી ચાર રસ્તા જેવા જાહેર રસ્તા પર રિક્ષાને જ દારૂનો અડ્ડો બનાવી દેનાર આરોપી બુટલેગર પ્રતાપ સોનીની હિંમત જુઓ, તેને ખાખી વર્દીનો સહેજ પણ ખોફ ન હતો. બુટલેગરોમાં પોલીસનો આ પ્રકારનો ડર ગાયબ થઈ જવો એ નવરંગપુરા પોલીસની નબળી કામગીરીની સાક્ષી પૂરે છે. હાલ તો ઉચ્ચ અધિકારીઓના મીઠા ઠપકા બાદ આરોપી જેલના સળિયા પાછળ ધકેલાઈ ગયો છે, પરંતુ જનતા હવે સવાલ પૂછી રહી છે કે પ્રજાની સુરક્ષા અને કાયદાનું પાલન કરાવવાની જવાબદારી જેમના શિરે છે, તે સ્થાનિક પોલીસ આવી ગુનાહિત પ્રવૃત્તિઓ રોકવામાં દર વખતે કેમ પાછળ રહી જાય છે?

### કમાટીબાગ નજીક મધરાતે ગંભીર માર્ગ અકસ્માત

## કમાટીબાગ પાસે બાઈક અને એક્ટિવા વચ્ચે સામસામે ટક્કર

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરામાં ફરી એકવાર બેફામ વાહનચાલનને કારણે ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો છે. શહેરના કમાટીબાગ નજીક મોડી રાત્રે એક બાઈક અને એક્ટિવા વચ્ચે સામસામે જોરદાર ટક્કર થતાં બંને વાહનોના ચાલકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માત બાદ સ્થળ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને આસપાસના લોકોએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી હતી.

પ્રાથમિક માહિતી મુજબ, બંને વાહનો ઝડપથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક સામસામે અથડામણ થઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બંને વાહનોને ભારે નુકસાન થયું હતું અને ચાલકો રસ્તા પર ફંગોળાઈ ગયા હતા. અકસ્માતનો મોટો અવાજ સંભળાતા સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા અને ઈજાગ્રસ્તોને પ્રાથમિક મદદ પૂરી પાડી હતી. ઘટનાની જાણ થતાં ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સની ટીમ સ્થળ પર પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી છે. અકસ્માતમાં ઈજાગ્રસ્તોની ઓળખ અને તેમની તબિયત અંગે વધુ વિગતોની રાહ જોવામાં આવી રહી છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી અકસ્માત અંગેની પ્રાથમિક તપાસ શરૂ કરી છે.

## ગાંધીનગરમાં ૧૪ દિવસમાં ૧.૫૩ લાખ મુસાફરોએ એસી અને સીસીટીવી થી સજજ ઈ-બસ નો લાભ લીધો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

દુનિયાના કોઈપણ શહેરના વિકાસનો માપદંડ તેના સરળ અને મજબુત પબ્લીક ટ્રાન્સપોર્ટમાં રહેલો હોય છે. હાલમાં જ ગાંધીનગરમાં નવી શરૂ થયેલી એસી ઈ-બસ સેવા આ દિશામાં જ એક મહત્વનુ પગલુ સાબિત થઈ છે. આ ઈ-બસ સેવાને મુસાફરોનો અદભુત પ્રતિસાદ મળ્યો છે. ૧૪ દિવસ દરમિયાન કુલ ૧,૫૩,૫૦૯ મુસાફરોએ આ સેવાનો લાભ લીધો છે. એટલે કે રોજે રોજ સરેરાશ ૧૦,૯૬૫ મુસાફરોએ આ બસોમાં મુસાફરી કરી છે. આ આંકડાઓ કહી રહ્યા છે કે ગાંધીનગર મહાનગર પાલિકાએ શરૂ કરેલી નવી વાતાનુકુલીત ઈલેકટ્રીક બસ સેવા નાગરીકો માટે વરદાનરૂપ સાબિત થઈ છે. રાજયના હરીયાળી રાજધાનીના સ્થાનિક નાગરીકો, નોકરીયાતો અને વિદ્યાર્થીઓ માટે આ સરળ પબ્લીક ટ્રાન્સપોર્ટ ઈઝ ઓફ લીવીંગ માં સુધારો કરી રહ્યુ છે. રોજબરોજ મુસાફરી કરતા લોકો માટે આ સેવા તેમની દૈનિક જીંદગીને વધુ સરળ, સુરક્ષિત અને તણાવમુકત બનાવતુ એક સક્ષમ



માધ્યમ બની છે. મહાનગર પાલિકાની આ પહેલ ગ્રીન, કલીન અને સ્માર્ટ ગાંધીનગરના નિર્માણ તરફની આગેકુચ છે.

શરૂઆતમાં આ સુવિધા શરૂ કરવામાં આવી હતી. ત્યારે તેને મોળો પ્રતિસાદ મળ્યો હતો. પહેલા દિવસે એટલે ૨૯ જુન ૨૦૨૬ ના દિવસે ઓછામાં ઓછા ૬,૧૨૦ મુસાફરો નોંધાયા હતા. જો કે આ બસ સેવાની સુવિધા અને આરામદાયક મુસાફરીનો અનુભવ થતા જ નાગરીકોનો ઘસારો સતત વધતો રહ્યો, ૧૧ જુલાઈ ૨૦૨૬ ના રોજ રેકોર્ડબ્રેક ૧૩,૬૧૫ મુસાફરોએ એક જ દિવસમાં સવારી કરીને કિર્તિમાન સ્થાપિત કર્યો હતો. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શરૂ કરવામાં આવેલી નવી બસ સેવા સ્થાનિક મુસાફરો અને અપડાઉન કરતા નાગરીકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. ધમાસણાથી સરગાસણ સુધી નિયમિત અપડાઉન કરતા મુસાફર ત્રિવેદી નિયતિએ આ બસ સેવા અંગે પોતાનો સુખદ અનુભવ જણાવતા કહ્યુ હતુ કે જીએમસી દ્વારા શરૂ કરાયેલી આ બસ મુસાફરો માટે ખુબ જ સગવડભરી છે. ખાસ કરીને આ બસનુ ભાડુ ખુબ જ રાહતદરે રાખવામાં આવ્યુ હોવાથી સામાન્ય નાગરીકો અને વિદ્યાર્થીઓ પર આર્થિક બોજ પડતો નથી.

બસ સંપૂર્ણપણે એસી હોવાથી ઉનાળાની ગરમીમાં પણ મુસાફરી એકદમ આરામદાયક રહે છે. બસમાં સીસીટીવી કેમેરાની સુવિધા ઉપલબ્ધ છે. જેના કારણે બસમાં મુસાફરી કરતી યુવતીઓ અને મહિલાઓ પોતાની જાતને સંપૂર્ણ સુરક્ષિત અનુભવે છે. કાળઝાળ ગરમીમાં રોજીંદી મુસાફરી એક મોટો પડકાર હતો. પરંતુ હવે સંપૂર્ણપણે એસી ઈ-બસ સેવાને કારણે મુસાફરો અત્યંત આરામદાયક અને ઠંડકભરી સફરનો આનંદ માણી રહ્યા છે. હવે નાગરીકો ધુળ, ધુમાડા અને ઘોંઘાટ થી દુર મુસાફરો શાંતિથી પોતાના ગંતવ્ય સ્થાને પહોચી શકે છે. મહિલાઓ માટે સુરક્ષા એ મુસાફરી દરમિયાન સૌથી મોટી મુંઝવણ હોય છે. આ ઈ બસોમાં આધુનિક સીસીટીવી કેમેરા ફીટ કરવામાં આવ્યા છે. જેને કારણે નોકરી કરતી મહિલાઓ, શાળાઓ અને કોલેજોમાં જતી યુવતીઓ કોઈપણ ભય વિના, સંપૂર્ણપણે સુરક્ષિત વાતાવરણમાં પ્રવાસ કરી શકે છે. પરીવારજનો પણ હવે તેમની દિકરીઓને એકલી મોકલવામાં ચિંતામુકત બન્યા છે.

ખાનગી વાહનો કે ઓટોરીક્ષા માં રોજીંદી મુસાફરી કરવી મધ્યમવર્ગ અને વિદ્યાર્થીઓ માટે ખુબ ખર્ચાળ સાબિત થતી હતી. તેની સામે આ ઈ બસોનુ ભાડુ ખુબ જ રાહતદરે રાખવામાં આવ્યુ છે. આ આર્થિક રાહતને કારણે સામાન્ય નાગરીકોના ખિસ્સા પરનો ભાર ઓછો થયો છે અને તેઓ સરળતાથી બચત કરી શકયા છે.

## ડીસામાં મકાનમાંથી રૂપિયા ૬.૪૦ લાખનું અખાદ્ય શંકાસ્પદ ઘી ઝડપાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)પાલનપુર

બનાસકાંઠા એસ.ઓ.જી.ની ટીમે બાતમીના આધારે ડીસાના રહેણાંક મકાનમાંથી શંકાસ્પદ ઘીના અલગ અલગ પેકિંગના 2334 ડબ્બા 15 કિલો ગ્રામના મોટા 19 ડબા તથા પ્લાસ્ટિકના પાઉચ નંગ 120 ઝડપી લઈ જ્યોતિ ટ્રેડિંગ-કમિશન એજન્ટ પેઢીના બે ભાગીદારો વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી હતી.એસ.ઓ.જી. પીએસઆઈ તથા સ્ટાફ ડીસા દક્ષિણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન બાતમી મળી હતી કે, ડીસાના કાપડી વાસમાં રહેતા રવિકુમાર ભરતભાઈ પંચીવાલા (જ્યોતિ ટ્રેડિંગ-કમિશન એજન્ટ) તથા તેમના ભાગીદાર હિતેશકુમાર પ્રકાશભાઈ મહેસુરીયા (રહે. જોગકૃપા સોસાયટી, ડીસા) પોતાના મકાનમાં અખાદ્ય ઘી વેચાણ માટે રાખે છે. આ બાતમીના આધારે એસ.ઓ.જી.ની ટીમે રેડ કરી રવિકુમાર પંચીવાલાના ઘરેથી શંકાસ્પદ ઘીના નાના-મોટા ડબ્બા નંગ 2334, 15 kgના મોટા ડબ્બા નંગ 19 તથા પ્લાસ્ટિકના પાઉચ નંગ 120 મળી કુલ રૂ. 640552નો મુદ્દામાલ ઝડપી જે શંકાસ્પદ જણાતા કબજે કરી ડીસા શહેર દક્ષિણ પોલીસ સ્ટેશન ખાતે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર    ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ    - તારીખ મુજબ આવક માલ ભાવ -    મંગળવાર, ૧૪/૦૭/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૦ | ૧,૩૫૦.૦૦ | ૧,૬૫૦.૦૦ |
| ૨ | એરંડા | ૧૬ | ૧,૪૧૦.૦૦ | ૧,૪૧૬.૦૦ |
| ૩ | ઘઉં | ૨૭૫ | ૫૧૩.૦૦ | ૫૩૭.૦૦ |
| ૪ | બાજરી | ૭૪ | ૪૮૦.૦૦ | ૪૯૦.૦૦ |
| ૫ | મકાઇ | ૯૧ | ૪૮૩.૦૦ | ૫૦૦.૦૦ |
| ૬ | મગ | ૧૪ | ૧,૩૭૧.૦૦ | ૧,૫૦૦.૦૦ |
| ૭ | ગવાર | ૫ | ૯૭૦.૦૦ | ૧,૦૯૦.૦૦ |
| ૮ | સોયાબીન | ૧૫ | ૧,૩૦૦.૦૦ | ૧,૩૬૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

### અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રા

# નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ રથયાત્રાના સમગ્ર રૂટનું નિરીક્ષણ કર્યુ અને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી

## ૧૦૦થી વધુ ડ્રોન, ગજરાજ પર GPS-સીસીટીવી, શંકાસ્પદો માટે 'AI ફેસ રેકગ્નિશન કેમેરા' અને સુરક્ષા વ્યવસ્થાના મોનિટરિંગ માટે '3D મેપિંગ અને બોડી વોર્ન કેમેરા' સહિતની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરાઈ: નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી





અમદાવાદ શહેરમાં અષાઢી બીજના પાવન પર્વે નીકળનારી ભગવાન જગન્નાથજીની ૧૪૯મી ભવ્ય રથયાત્રાને લઈને નાગરિકોમાં અદભુત ઉત્સાહ અને ભક્તિમય માહોલ જોવા મળી રહ્યો છે. આ ઐતિહાસિક રથયાત્રા સુરક્ષિત, શાંતિપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તેવા સુદ્રઢ આયોજનના ભાગરૂપે રાજયના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ રથયાત્રાના સમગ્ર રૂટનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરી સુરક્ષા વ્યવસ્થાની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

રાજય પોલીસ વડા શ્રી જી.એસ.મલિક અને શહેર પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગેહલોત સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે નાયબ મુખ્યમંત્રીશ્રીએ સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ રૂટના સંવેદનશીલ પોઈન્ટ્સ, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ ઈમરજન્સી સેવાઓના આગોતરા આયોજન અંગે અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી.

રથયાત્રાના રૂટ નિરીક્ષણ દરમિયાન પત્રકારો સાથે વાત કરતાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રા ૧૬.૨ કિલોમીટરના પરંપરાગત રૂટ પર ભ્રમણ કરશે, જેમાં ૩ મુખ્ય રથો સાથે ૧૮ ગજરાજ, ૧૦૩ ટ્રક, ૩૦ અખાડા અને વિવિધ ભજન મંડળીઓ જોડાશે.

સુરક્ષા વ્યવસ્થા વિશે વાત કરતા નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે રથયાત્રાની લોખંડી સુરક્ષા માટે સમગ્ર રૂટને ૨૬ રેન્જ, ૫૩ એરિયા અને ૧,૩૯૭ પોઈન્ટ્સમાં વહેંચીને ૧૦ આઈજી/ડીઆઈજી, ૪૨ ડીસીપી, ૮૮ એસીપી અધિકારીઓ સહિત ૩૦,૦૦૦થી વધુ પોલીસ જવાનો, ૧૫ એસઆરપીએફ અને ૯ સેન્ટ્રલ પેરામિલીટરી ફોર્સની કંપનીઓ તૈનાત કરવામાં આવી છે.

રથયાત્રામાં અત્યાધુનિક ટેકનોલોજીના ઉપયોગ વિશે જણાવતા નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે આ વર્ષે રથયાત્રામાં સુરક્ષા વ્યવસ્થાને ફૂલપ્રૂફ બનાવવા માટે સ્માર્ટ પોલિસિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, વર્ચ્યુઅલ રિયાલિટી અને મોનિટરીંગ તથા 3D મેપિંગ જેવી આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

૧૦૦થી વધુ ડ્રોન દ્વારા લાઈવ સર્વેલન્સ, હાથીઓની દેખરેખ માટે GPS, સીસીટીવી અને ડેસિબલ મીટર, બોડી વોર્ન કેમેરા, હાઈટેક વાયરલેસ સિસ્ટમ, એઆઈ વોઈસ બોટ, એન્ટી-ડ્રોન ગન તથા શંકાસ્પદ તત્વો અને ગુનેગારોને ઝડપવા 'AI ફેસ રેકગ્નિશન કેમેરા' જેવી ટેકનોલોજીનો ઉપયોગ કરાયો છે.

કાયદો-વ્યવસ્થાની સાથે પોલીસે છેલ્લા એક મહિનાથી તમામ સમાજો સાથે બેઠકો અને વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ યોજીને ભાઈચારાનું અદભુત વાતાવરણ ઊભું કર્યું છે એમ જણાવીને નાયબ મુખ્યમંત્રીશ્રીએ પોલીસ વિભાગ અને સૌ નગરજનોને અભિનંદન પાઠવ્યા હતા. રૂટ નિરીક્ષણના કાર્યક્રમ દરમિયાન સ્થાનિક સ્તરે યોજાયેલી ચિત્ર સ્પર્ધાના વિજેતા બાળકોને નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે ઈનામ એનાયત કરવામાં આવ્યા હતા અને પ્રોત્સાહિત કરાયા હતા. નાયબ મુખ્યમંત્રીશ્રીએ શહેરીજનોને કોઈ પણ પ્રકારની ધક્કામુક્કી વગર ભગવાનના દર્શન કરવા અને સુરક્ષાના ભાગરૂપે રૂટ પરની ભયજનક ઈમારતો પર ચઢવાનું ટાળવા અપીલ કરી હતી.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદ શહેર પોલીસની નિષ્ઠાપૂર્વકની કામગીરી અને પૂર્વ તૈયારીઓને બિરદાવી હતી. તેમણે ઉમેર્યું હતું કે ટેકનોલોજી અને માનવબળના ઉત્કૃષ્ટ સમન્વયથી આ પર્વ સંપૂર્ણ આસ્થા અને ઉત્સાહભર્યા માહોલમાં નિર્વિઘ્ને સંપન્ન થશે. રથયાત્રા રૂટ નિરીક્ષણમાં અમદાવાદ શહેરના મેયર શ્રી હિતેશભાઈ બારોટ, સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા, ધારાસભ્ય શ્રી કૌશિક જૈન, શહેર પ્રમુખ શ્રી પ્રેરકભાઈ શાહ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી કમલેશભાઈ પટેલ તથા મ્યુનિસિપલ કોર્પોરેશનના હોદ્દેદારો, મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની તેમજ પોલીસ વિભાગના ઉચ્ચ પદાધિકારીઓ અને સુરક્ષા એજન્સીઓના અધિકારીઓ જોડાયા હતા.

# ગુજરાત એટીએસે વધુ ૫ સિધ્ધપુરમાંથી શંકાસ્પદ ઈસમોને ઝડપ્યા: જૈસએ સાથે કનેકશન અંગે તપાસ

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાત એટીએસ દ્વારા પાટણ જિલ્લાના સિધ્ધપુરમાં એક ગુપ્ત અને મોટી તપાસ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સિધ્ધપુરના વ્યસ્ત એવા ઝાંપલીપોળ વિસ્તારમાં એટીએસ ની ટીમ ત્રાટકી હતી અને મોડી રાત સુધી એક કટલેરીના વેપારીની દુકાનમાં સઘન પુછપરછ અને તપાસનો ધમધમાટ ચલાવ્યો હતો. આ ઓપરેશનના ભાગરૂપે આજે મંગળવારે પાટણ જિલ્લાના સિધ્ધપુરમાંથી વધુ ૫ શંકાસ્પદ ઈસમોને ડીટેઈન કરવામાં આવ્યા હતા. આ ઝડપાયેલા પાંચેય શખ્સોનુ જૈસએ મોહંમદ સાથે કનેકશન છે કે નહી તે અંગે તપાસ ચાલી રહી છે. સ્થાનિક પોલીસને સાથે રાખીને વિવિધ વિસ્તારોમાં મોડી રાત સુધી સઘન સર્ચ ઓપરેશન ચલાવવામાં આવ્યુ હતું. એટીએસ દ્વારા રાજયમાં રથયાત્રા જેવા મોટા તહેવારોમાં વિઘ્ન નાખવા અને સંગઠનને ફરી સક્રિય કરવાના મોટા ષડયંત્રનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ સંયુકત કાર્યવાહી દરમિયાન કુલ ૮ શંકાસ્પદ આતંકીઓની અટકાયત કરવામાં આવી છે. પ્રાથમિક માહિતી મુજબ કોઈ આતંકી દ્વારા આ કટલેરીની દુકાનમાંથી નાના રમકડામાં વપરાતી બેટરીઓની ખરીદી કરવામાં આવી હોવાની આશંકાને પગલે એટીએસ દ્વારા આ ઓપરેશન હાથ ધરાયુ હતું. આ સર્ચ ઓપરેશન દરમિયાન ઝાંપલીપોળ સ્થિત નુરાની ટેલર્સ નામની દુકાનમાંથી એક શંકાસ્પદ વ્યકિતની અટકાયત કરવામાં આવી છે. એટીએસની ટીમ આ શંકાસ્પદ ઈસમને વધુ પુછપરછ અને તપાસ અર્થે અજ્ઞાત સ્થળે લઈ ગઈ હોવાનુ જાણવા મળ્યુ છે. આ હીલચાલને પગલે સ્થાનિક સિધ્ધપુરમાં ભારે ચકચાર મચી જવા પામી છે. પ્રાથમિક તપાસ મુજબ ગુજરાતના સિધ્ધપુરમાંથી ૩, પાલનપુરમાંથી ૩ અને ચીખલીમાંથી ૧ શંકાસ્પદ આતંકી ઝડપાયા હતા. આજે મંગળવારે સિધ્ધપુરમાંથી વધુ ૫ જેટલા સંદિગ્ધ ઈસમોને પકડી પુછપરછ કરવામાં આવી હતી. આતંકીઓના તાર સિધ્ધપુર તાલુકામાં વધુ સક્રિય હોવાના પુરાવા મળતા એટીએસની ટીમોએ આજે બપોર થી જ સિધ્ધપુરમાં તપાસ શરૂ કરી હતી. આ મેગા ઓપરેશન અંતર્ગત એટીએસ ટીમો દ્વારા સિધ્ધપુર તાલુકાના ચાટાવાડા ગામમાં આતંકી મોહમદ અમીન શેરા ના ઘરે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યા હતું. તેના પરીવારજનોની પણ જીણવટભરી પુછપરછ કરવામાં આવી હતી. મોહમદ અમીન શેરા દ્વારા સિધ્ધપુર વિસ્તારમાંથી ખરીદવામાં આવેલા શંકાસ્પદ સામાન અંગેના સગડ મેળવવા માટે શહેરના ઝાંપલીપોળ સહિતના અન્ય વિસ્તારોમાં વેપારીઓની પુછપરછ કરી તપાસ લંબાવવામાં આવી છે. મોડી રાત સુધી ચાલેલી આ તપાસ અને પુછપરછના આધારે આગામી સમયમાં આ નેટવર્ક સાથે જોડાયેલા વધુ ખુલાસા થવાની શકયતા છે.

# કોંગ્રેસ બાદ પક્ષવિરોધી કરનારા તત્વો સામે ભાજપે કરી લાલ આંખ: શ્રી કમલમમાં બંધ બારણે શિસ્ત સમિતિની બેઠક બાદ ભાજપ નેતાઓના જીવ તાળવે ચોંટાયા

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતમાં યુથ કોંગ્રેસે હોદ્દો ધરાવી કામ ન કરનારા નેતાઓ સામે લાલ આંખ કર્યા બાદ હવે ભાજપે પણ શિસ્તતાના નામે આકરા પગલા લેવાના નિર્ણયો લીધા છે.

ગુજરાત ભાજપમાં ફરી એકવાર શિસ્તતાના મામલે આકરા પ્રહારો કરવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં પક્ષના સત્તાવાર આદેશોનુ ઉલ્લંઘન કરી પક્ષ વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ થયેલા નેતાઓ અને કાર્યકર્તાઓ સામે હાઈકમાન્ડ હવે સખત કાર્યવાહી કરવાના મુડમાં છે. આ મામલે ગાંધીનગર સ્થિત પ્રદેશ ભાજપ કાર્યાલય કમલમ ખાતે શિસ્ત સમિતિની એક અત્યંત મહત્વપૂર્ણ બેઠક મળી હતી. જેમાં શિસ્તભંગ કરનારાઓ વિરૂધ્ધ કડક શિક્ષાત્મક પગલા લેવા માટેનો રોડ મેપ તૈયાર કરવામાં આવ્યો છે.

મળતી માહિતી અનુસાર આ મહત્વપૂર્ણ બેઠકનો મુખ્ય હેતુ સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ દરમિયાન પક્ષના સત્તાવાર ઉમેદવારોને હરાવવા અથવા તેમની વિરૂધ્ધ કામ કરનારા આંતરીક તત્વો સામે આવેલી ફરીયાદોની તપાસ કરવાનો હતો, આ સુનાવણી દરમિયાન શિસ્ત સમિતિ સમક્ષ પક્ષ વિરોધી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા નેતાઓ અને તેમની સામે ફરીયાદ કરનારા ફરીયાદીઓ એમ બંને પક્ષોને રૂબરૂ બોલાવવામાં આવ્યા હતા. સમિતિ દ્વારા વાદી અને પ્રતિવાદી બંને પક્ષોની દલીલો ને વિગતવાર સાંભળવામાં આવી હતી. કમલમ ખાતે હાજર રહેલા શંકાસ્પદ નેતાઓ પાસેથી તેમની શંકાસ્પદ કામગીરી અંગે ખુલાસા માંગવામાં આવ્યા હતા. જયારે ફરીયાદીઓ દ્વારા રજુ કરવામાં આવેલા ઓડીયો, વિડીયો કે અન્ય પુરાવાઓની પણ જીણવભટભરી ચકાસણી કરવામાં આવી હતી. આ સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, હવે શિસ્ત સમિતિ દ્વારા આ સુનાવણીના આધારે એક વિસ્તૃત અને ગુપ્ત રીપોર્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે. આ રીપોર્ટમાં કયા સ્તરના નેતા કે કાર્યકર્તાએ કયા પ્રકારની પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરી છે, કોને મદદ કરી છે અને તેના કારણે પક્ષને કઈ બેઠકો પર કેટલુ નુકશાન વેઠવુ પડયુ છે તેની તમામ વિગતો પુરાવા સાથે આવરી લેવામાં આવશે. સમિતિ દ્વારા તૈયાર કરાયેલો આ અંતિમ રીપોર્ટ ટુંક સમયમાં જ ભાજપના પ્રદેશ પ્રમુખને સોંપવામાં આવશે. સુત્રોનુ માનીએ તો આ રીપોર્ટના તારણોના આધારે આગામી દિવસોમાં પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારા કેટલાક મોટા માથાઓ અને હોદ્દેદારો સામે સસ્પેન્સન સહિતના કડક શિક્ષાત્મક પગલા લેવામાં આવી શકે છે. ભાજપ આ આકરા નિર્ણયો દ્વારા પક્ષમાં નાનામાં નાના કાર્યકર્તાથી લઈને મોટા નેતાઓ સુધી એવો સ્પષ્ટ સંકેત આપવા માંગે છે કે પક્ષમાં શિસ્તભંગ ચલાવી લેવામાં આવશે નહી. હવે જોવાનુ એ રહેશે કે આગામી દિવસોમાં શિસ્ત સમિતિના આ રીપોર્ટના આધારે કયા કયા જાણીતા ચહેરાઓ સામે પક્ષનુ આકરૂ બુલડોઝર ફરે છે.

# ડીઆરએમ શ્રી વેદ પ્રકાશ એ હોન્ડા મોટરસાઈકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયાના વિઠ્ઠલપુર પ્લાન્ટની મુલાકાત લીધી




પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ એ ૧૪ જુલાઈ, ૨૦૨૬ ના રોજ ગુજરાતના વિઠ્ઠલપુર ખાતે આવેલ હોન્ડા મોટરસાઈકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા (HMSI) ના પ્લાન્ટની મુલાકાત લીધી. આ પ્રસંગે રેલવે અધિકારીઓ અને હોન્ડા મેનેજમેન્ટ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજવામાં આવી, જેમાં હોન્ડાના સ્કૂટર અને અન્ય દ્વિચક્રી વાહનોનું રેલવે માર્ગ દ્વારા પરિવહન શરૂ કરવાની શક્યતાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી.

બેઠક દરમિયાન જણાવવામાં આવ્યું કે વિઠ્ઠલપુર ખાતે આવેલ હોન્ડા પ્લાન્ટમાં દરરોજ ૭,૫૦૦ થી વધુ સ્કૂટરોનું ઉત્પાદન થાય છે, જેમને હાલમાં ટ્રકો મારફતે દેશના વિવિધ રાજ્યોમાં મોકલવામાં આવે છે. હવે ભારતીય રેલવેના મારફતે આ દ્વિચક્રી વાહનોનું પરિવહન શરૂ કરવાની દિશામાં બંને પક્ષો વચ્ચે સકારાત્મક ચર્ચા-વિચારણા થઈ.

ચર્ચા દરમિયાન રેલવે પરિવહન માટે જરૂરી ઓપરેશનલ વ્યવસ્થા, લોડિંગ અને અનલોડિંગ સુવિધાઓ, લોજિસ્ટિક્સ, રેકની ઉપલબ્ધતા તેમજ વિવિધ સમન્વયાત્મક પાસાઓ પર વિગતવાર વિચારણા કરવામાં આવી. રેલવે આધારિત પરિવહન શરૂ થવાથી રોડ પરિવહન પરની નિર્ભરતા ઘટશે, પરિવહન ખર્ચમાં ઘટાડો થશે, સમયસર અને સુરક્ષિત પુરવઠો સુનિશ્ચિત થશે તેમજ કાર્બન ઉત્સર્જનમાં ઘટાડા મારફતે પર્યાવરણ સંરક્ષણને પણ પ્રોત્સાહન મળશે. ડીઆરએમ શ્રી વેદ પ્રકાશ એ જણાવ્યું હતું કે ભારતીય રેલવે ઉદ્યોગોની જરૂરિયાતોને અનુરૂપ આધુનિક અને વિશ્વસનીય માલ પરિવહન સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ પહેલ રેલવે અને ઓટોમોબાઈલ ઉદ્યોગ વચ્ચેના સહયોગને નવી દિશા આપશે અને રેલવે આધારિત લોજિસ્ટિક્સને પ્રોત્સાહન આપવામાં મહત્વની ભૂમિકા ભજવશે. પ્રસ્તાવિત વ્યવસ્થા લાગુ થયા પછી અમદાવાદ મંડળની માલ પરિવહન (ફ્રેટ) આવકમાં પણ નોંધપાત્ર વધારો થવાની સંભાવના છે. સાથે જ, આ પહેલ ભારતીય રેલવેના "ગ્રીન લોજિસ્ટિક્સ" અને "મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ" ને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશને પણ મજબૂત કરશે. અમદાવાદ મંડળ પોતાના વિસ્તારના ઉદ્યોગોને રેલવે નેટવર્ક સાથે જોડવા, માલસામાનની હેરફેરને વધુ સુરક્ષિત, કિફાયતી અને પર્યાવરણ-અનુકૂળ બનાવવા તેમજ ઉદ્યોગો માટે વધુ સારા લોજિસ્ટિક ઉકેલો ઉપલબ્ધ કરાવવાની દિશામાં સતત કામ કરી રહ્યું છે.

# કાલાવડ નજીક ડિગ્રી વિના દવાખાનું ચલાવતો કથિત બોગસ ડોક્ટર ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના મોટા ભાડુકિયા ગામમાં ગેરકાયદેસર રીતે દવાખાનું ચલાવવાના મામલે પોલીસે એક વ્યક્તિને ઝડપી પાડ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી પાસે માન્ય મેડિકલ ડિગ્રી અથવા પ્રેક્ટિસ માટે જરૂરી કાનૂની લાયકાત ન હોવા છતાં તે દર્દીઓને સારવાર આપતો હોવાનો આરોપ છે. ઘટનાના પગલે પોલીસે દવાઓ, મેડિકલ સાધનો અને રોકડ સહિતનો મુદ્દામાલ કબજે કરીને વધુ તપાસ શરૂ કરી છે. કાલાવડ ગ્રામ્ય પોલીસને મળેલી બાતમીના આધારે આરોગ્ય વિભાગના અધિકારીની હાજરીમાં સંયુક્ત દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન પ્રવીણભાઈ પરસોતમભાઈ હીરપરા (ઉંમર ૫૦), રહે. મોટા ભાડુકિયા ગામ, પાસે વિવિધ કંપનીઓની એલોપેથી દવાઓ, સારવારમાં ઉપયોગી મેડિકલ સાધનો તેમજ રોકડ મળી આવી હતી. પોલીસે સ્થળ પરથી કુલ ૧૭,૯૮૬નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પ્રાથમિક તપાસમાં આરોપી પાસે દર્દીઓની સારવાર કરવા માટે જરૂરી મેડિકલ ડિગ્રી અથવા સત્તાવાર નોંધણીના દસ્તાવેજો ઉપલબ્ધ ન હોવાનું સામે આવ્યું હોવાનું પોલીસનું કહેવું છે. આ મામલે કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS)ની સંબંધિત કલમો તેમજ ગુજરાત મેડિકલ પ્રેક્ટિશનર્સ એક્ટ, ૧૯૬૩ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે આરોપીની પૂછપરછ શરૂ કરી છે અને તે કેટલા સમયથી આ પ્રવૃત્તિ ચલાવતો હતો, કેટલા દર્દીઓને સારવાર આપી હતી અને અન્ય કોઈ વ્યક્તિ તેની સાથે સંકળાયેલી છે કે નહીં તે સહિતના મુદ્દાઓની તપાસ કરવામાં આવી રહી છે. આરોગ્ય વિભાગના અધિકારીઓએ લોકોને અપીલ કરી છે કે સારવાર માટે હંમેશા નોંધાયેલા અને અધિકૃત ડોક્ટરોનો જ સંપર્ક કરવો જોઈએ.

### પંચાયતોના લેટરપેડ સાથે આવેદનપત્ર અપાયું : ખેડુતોની માંગણી અને નુકશાન અંગે રજુઆત

# મોરબીમાં ખેડુતોનુ આંદોલન પાર્ટ-૩ : વીજપોલ વળતર નીતીના વિરોધમાં નિકળેલી મહારેલી





પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાત સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓના વીજપોલ અને ટ્રાન્સમિશન લાઈન નાંખવા અંગે જાહેર કરવામાં આવેલી નવી વળતર નીતી સામે ખેડુતોનો રોષ હવે ચરમસીમાએ પહોચ્યો છે. આ નીતીને ખેડુત વિરોધી અને અન્યાયી ગણાવીને ખેડુતોએ આજે મંગળવારે મોરબીમાં આંદોલન પાર્ટ-૩ ના ભાગરૂપે વિરોધ પ્રદર્શન નોંધાવ્યુ હતું. આજે મંગળવારે સવારે મોરબીની મહેન્દ્રનગર ચોકડી ખાતે મોટી સંખ્યામાં આસપાસના વિસ્તારમાંથી ખેડુતો એકત્રિત થયા હતા. મહેન્દ્રનગર ચોકડી થી વિરોધ પ્રદર્શનની શરૂઆત કરતા ખેડુતોએ કલેકટર કચેરી સુધી એક વિશાળ રેલી યોજી હતી. આ રેલી દરમિયાન ખેડુતોએ સરકારની નવી નીતી વિરૂધ્ધ ભારે સુત્રોચ્ચાર કરી પોતાનો વિરોધ અને નારાજગી વ્યકત કરી હતી. મોરબી કલેકટર કચેરીએ પહોચીને ખેડુતોએ વિવિધ ગ્રામ પંચાયતોના લેટરપેડ સાથે કલેકટરને એક આવેદનપત્ર આપ્યુ હતું. આ આવેદનપત્રમાં તેઓએ સ્પષ્ટ માંગ કરી છે કે સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલો નવો પરીપત્ર તાત્કાલીક રદ કરવામાં આવે અને ખેડુતોની માંગણી મુજબ તેમને યોગ્ય વળતર ચુકવવામાં આવે, વિરોધ કરી રહેલા ખેડુતોનુ સ્પષ્ટ કહેવુ છે કે તેમના ખેતરોમાં ખાનગી કંપનીઓના વિશાળ વીજપોલ ઉભા કરવાથી તેમની ફળદ્રુપ અને ખેતીલાયક જમીનને ભારે નુકશાન પહોચે છે. આથી સરકાર માત્ર કોઈ સામાન્ય વળતર આપીને છુટી ન શકે, પરંતુ ઉભા પાકને થતા નુકશાન અને બજારમાં જમીનની કિંમતને ધ્યાનમાં રાખીને તેમને પુરતુ અને યોગ્ય વળતર મળવુ જ જોઈએ. ખેડુતોની આ મકકમ માંગે તંત્ર પર ભારે દબાણ ઉભુ કર્યું છે.

**પશ્ચિમ રેલ્વે**

મટીરીયલ મેનેજમેન્ટ વિભાગ

વિવિધ સામગ્રી પુરવઠો

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર સૂચના નંબર S/37/2026 તારીખ 10.07.2026

| ક્રમ | ટેન્ડર નંબર | વસ્તુઓનું ટૂંકું વર્ણન | જથ્થો | T.O.D. |
|---|---|---|---|---|
| 303 | 23263550 | નેરો જોવ એડેપ્ટર | 75659 નંગ | 01-સપ્ટેમ્બર-26 |
| 304 | 23263926 | BLC વેગન માટે સેન્ટર પીવટ ટોપ | 1339 નંગ | 17-ઓગસ્ટ-26 |
| 305 | 15242526E | સ્લાઇડ આર્મ અને ટોપ ચેનલ સાથે ઓવરહેડ ડબલ એક્ટિંગ કન્સીલ્ડ ડોર ક્લોઝર ડબલ એક્ટિંગ ફાયર લાયક ડોરને અનુરૂપ | 1497 નંગ | 13-ઓગસ્ટ-26 |
| 306 | 04265115 | ફ્લીટ ગ્રાફિક/કાસ્ટ V નો સપ્લાય અને એપ્લાય | 24800 સ્કે.ફુટ | 10-ઓગસ્ટ-26 |
| 307 | 23260934 | બોગી સેન્ટર પીવટ ટોપ | 1876 નંગ | 10-ઓગસ્ટ-26 |
| 308 | 23262204 | શેન્ક વેર પ્લેટ (વેલ્ડેડ) સાથે કપલર બોડી | 6322 નંગ | 10-ઓગસ્ટ-26 |
| 309 | 18265004A | યુનિવર્સલ કોલમ 254x254mmx73.1 કિગ્રા/મી | 65 મીટર | 10-ઓગસ્ટ-26 |
| 310 | 15265010 | સ્ફેરોલાસ્ટિક બેરિંગ | 783 નંગ | 08-ઓગસ્ટ-26 |
| 311 | 09253165A | ઓવરહોલિંગ કીટ | 3302 સેટ | 07-ઓગસ્ટ-26 |
| 312 | 09262021 | એર બ્રેક સિલિન્ડર એસ્લી. | 897 નંગ | 06-ઓગસ્ટ-26 |
| 313 | 10265004 | 150 ચોરસ મીમી. 37/2.25 ચોરસ મીટર કદના ફીડર વાયર માટે હાર્ડ ડ્રોન સ્ટ્રેન્ડેડ કોપર કંડક્ટર | 34520 મીટર | 06-ઓગસ્ટ-26 |
| 314 | 23263573 | પેકિંગ 37 મીમી | 10477 નંગ | 06-ઓગસ્ટ-26 |

શુધ્ધિ પત્ર

કૃપા કરીને ટેન્ડર સૂચના નંબર: S-23-2026 તારીખ: 12.05.2026 માટે ક્રમાંક નં. 158 પર નિયત તારીખ "21.07.2026" તરીકે વાંચો.

વિગતવાર સૂચના EMD, ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો માટે, કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in અને wr.indianrailways.gov.in ની મુલાકાત લો. 0357

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: X.com/WesternRly

# હવે સુરતમાં રોગચાળાનું પૂર ??

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરતની વિવિધ ખાડીઓમાં થયેલા ગેરકાયદે બાંધકામોને લઈને થયેલા ખાડી પુરાણને કારણે સુરતમાં ભારે વરસાદ અને ખાડી પુરની વિકટ પરિસ્થિતિ માંથી માંડ નીકળેલી પ્રજા માટે હવે આરોગ્ય સંબંધિત ચિંતા ઓ વધવા લાગી છે. પૂરના પાણી ઓસર્યા પછી ગંદકી, કાદવ અને દુષિત પાણીના લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાથી ચામડીના રોગના કેસમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે.

પાલિકા દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોમાં શરૂ કરાયેલા આરોગ્ય કેમ્પોમાં અત્યાર સુધી સારવાર માટે આવેલા દર્દીઓમાં સૌથી વધુ ચર્મ રોગના દર્દીઓ નોંધાયા છે. પૂરની સ્થિતિ સામાન્ય બન્યા બાદ પાલિકા એ અસરગ્રસ્ત વિસ્તારોમાં રોગચારો ફેલાતો અટકાવવા માટે આરોગ્ય સેવાઓને પ્રાથમિકતા આપી છે. ઉપરાંત નાગરિકોને હોસ્પિટલ સુધી જવાની જરૂર ન પડે અને સ્થળ પર જ તાત્કાલિક સારવાર મળી રહે તે માટે ૧૧ જુલાઈ થી શહેરના પૂર્વગ્રસ્ત વિસ્તારોમાં મેડિકલ કેમ્પ શરૂ કરવામાં આવ્યા છે.

આ અંગે પાલિકા દ્વારા અઠવા ઝોનમાં એક, ઉધના ઝોન - એ માં પાંચ, વરાછા ઝોન - એ માં ત્રણ, સરથાણા ઝોન માં બે અને લિંબાયત ઝોનમાં ચાર સહિત કુલ ૧૮ સ્થળે મેડિકલ કેમ્પ કાર્યરત છે. આ કેમ્પમાં મેડિકલ ઓફિસર, ચર્મરોગ નિષ્ણાંત, લેબ ટેક્નિશિયન અને અન્ય આરોગ્ય કર્મચારીઓને ટીમ દ્વારા નાગરિકોની તપાસ કરીને જરૂરી દવાઓ આપવામાં આવી રહી છે.

જ્યારે ૧૧ જુલાઈ થી રવિવારે બપોર સુધીમાં અંદાજે ૪૦૦૦ નાગરિકોની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. જેમાં સૌથી વધુ ૮૨૫ દર્દીઓને ચામડીના રોગની સારવાર આપવામાં આવી હતી. જે પૂર બાદ આરોગ્ય માટે ઊભા થયેલા સૌથી મોટા પડકાર તરીકે સામે આવ્યું છે. ઉપરાંત ૩૫૭ લોકોને તાવ, ૨૬૪ લોકોને સામાન્ય ઝાડા અને ૮૨ લોકોને ઝાડા - ઉલ્ટી ની ફરિયાદ નોંધાઈ હતી.

પાલિકાના અધિકારીઓના જણાવ્યા મુજબ હાલની પરિસ્થિતિમાં ચામડીનો ચેપ, તાવ અને પાણીજન્ય રોગોને ધ્યાનમાં રાખીને સતત આરોગ્ય દેખરેખ રાખવામાં આવી રહી છે. આમ શરૂ કરાયેલા તમામ મેડિકલ કેમ્પો આગામી શનિવાર સુધી કાર્યરત રહેશે. એમ જણાવ્યું હતું.

# ફક્ત સભ્ય સમાજને જ સારી પોલીસ મળે છે. યુપી બિહારથી પંજાબ સુધી પોલીસ દમન?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આજે જે પ્રમાણે પોલીસ વિવાદોમાં સપડાઈ રહીને જન માનસમાં એક અલગ પ્રકારના ડરથી અંકિત થઈ રહી છે. એ વાત આજથી બરાબર ૬૫ વર્ષ પહેલા એટલેકે સને ૧૯૬૧ ના એક કેસમાં ભારતીય પોલીસ ગેરબંધારણીય, ગેરકાયદેસર અથવા અસંસ્કારી રીતે વર્તે છે. ત્યારે સરકાર વિરુદ્ધ મોહમ્મદ નઈમના કેસમાં સાહિત્ય અકાદમી પુરસ્કાર વિજેતા પ્રખ્યાત કવિ અને અલ્હાબાદ હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ આનંદ નારાયણ મુલ્લાએ ૧૯૬૧ માં ભારતીય પોલીસ વ્યવસ્થા પર એક ટીકાત્મક આદેશ લખ્યો હતો. જેનો પડઘો આજે પણ ગુંજતો રહ્યો છે.

આ બાબતે પત્રકાર અરુણકુમાર ત્રિપાઠીનું યુપી, બિહાર અને પંજાબના પોલીસ દમન અને કાયદેસર વર્તનનું વિશ્લેષણ છે. જ્યારે જસ્ટિસ આનંદ નારાયણ મુલ્લાની ઐતિહાસિક ચેતવણી આજે પણ શા માટે પ્રાસંગિક છે એ વાંચવું જ રહ્યું. આ અંગે વધુમાં હાઈકોર્ટના ભૂતપૂર્વ જજ આનંદ નારાયણ મુલ્લા લખે છે કે " સમગ્ર દેશમાં કોઈપણ અંધેર જૂથ એવું નથી જેનો ગુનાહિત રેકોર્ડ સંગઠિત દળ જે આપણે ભારતીય પોલીસ દળ કહીએ છીએ તેની નજીક આવે છે." તેમણે (જજે) પછી ઉમેર્યું, " જો હું માનતો હોત કે હું મારા પોતાના પ્રયાસો દ્વારા આ ગંદકી ,પોલીસ દળ સાફ કરી શકુ છું, તો હું મારી લડાઈ ચાલુ રાખવામાં ડરતો નહીં."પરંતુ આ આદેશ પછી જજે (તેમણે) ટિપ્પણી કરી , " જો હું ઘણીવાર પોલીસ અધિકારીઓ વિરુદ્ધ ટીપ્પણીઓ કરું છું મને ખબર નથી કે આ ટિપ્પણીએ વધુ ધ્યાન કેમ ખેંચ્યું? આ એ પણ સૂચવે છે કે મારે ટિપ્પણીઓના આધારે કોઈ સુધારો કરવામાં આવતો નથી. આજે ૬૫ વર્ષ પછી એવું લાગે છે કે ભારતીય પોલીસની સ્થિતી વધુ ચિંતાજનક બની ગઈ છે. અથવા તો સમાજ વધુને વધુ અસંવેદનશીલ બન્યો છે.

એક પણ નિવેદન ભૂલી જાઓ, પોલીસના વર્તનના સેકડો વિડીયો પોસ્ટ કરવામાં આવે છે અને વાયરલ થાય છે છતાં પોલીસના પાત્રમાં કોઈ સુધારો સ્પષ્ટ દેખાતો નથી.

# અંબાજી દાનની ચોરી મામલે ચિરાગ ઠાકોર સહિત ૩ પૂર્વ કર્મચારીઓની ધરપકડ: એસઓપી પણ અમલમાં મુકી

પ્રતિનિધિ,ગાંધીનગર



અંબાજી મંદિરના ભંડારામાં દાનની રોકડની ચોરીનો મામલો બહાર આવ્યા બાદ મંદિર ટ્રસ્ટ અને જિલ્લા વહિવટી તંત્ર હરકતમાં આવ્યુ છે. ભકતોની આસ્થાને ઠેસ પહોચાડનારી આ ઘટનાને ગંભીરતાથી લઈ હવે ભંડારાની ગણતરી અને સુરક્ષા માટે નવી સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર અમલમાં મુકવામાં આવી છે. જિલ્લા કલેકટરે જણાવ્યુ હતુ કે મંદિરના એક કર્મચારીએ ભંડારમાંથી રોકડના બંડલની ચોરી કરી હતી. આ કેસમાં ચિરાગ ઠાકોર સહિત ૩ પૂર્વ કર્મચારીઓની પોલીસે ધરપકડ કરી છે. ચોરીમાં સંડોવણી બહાર આવતા મંદિર ટ્રસ્ટે ત્રણેય કર્મચારીઓને તાત્કાલીક અસરથી બરતરફ કરી દીધા છે. ઘટના બાદ મંદિર ટ્રસ્ટે ભંડારાની ગણતરી પ્રક્રિયાને વધુ પારદર્શક અને સુરક્ષિત બનાવવા માટે અનેક મહત્વના નિર્ણયો લીધા છે. નવી એસઓપી મુજબ હવે ભંડારાની ગણતરી ૨૦ થી વધુ સીસીટીવી કેમેરાની સતત નજર હેઠળ કરવામાં આવશે. તમામ સીસીટીવી નુ રેકોર્ડિંગ ઓછામાં ઓછા ૬ મહિના સુધી સુરક્ષિત રાખવામાં આવશે. જેથી ભવિષ્યમાં કોઈપણ ગેરરીતીની તપાસ સરળતાથી થઈ શકે. આ ઉપરાંત ભંડારાની કામગીરીમાં જોડાતા તમામ કર્મચારીઓનુ મેડલ ડીરેકટર દ્વારા ફરજીયાત ચેકીંગ કરવામાં આવશે. મંદિર પરીસરમાં પ્રવેશ અને બહાર નિકળતી વખતે ડબલ સ્કેનીંગ ની વ્યવસ્થા પણ અમલમાં મુકવામાં આવશે. ભંડારાની ગણતરી દરમિયાન પારદર્શિતા જળવાઈ રહે તે માટે ચાચરચોક ખાતે આવેલી સ્કિન પર પ્રક્રિયાનુ લાઈવ પ્રસારણ પણ કરવામાં આવશે. અંબાજી મંદિર જેવી શ્રધ્ધાનુ કેન્દ્ર ગણાતી જગ્યાએ દાનની ચોરી ની ઘટના બહાર આવતા અનેક સવાલો ઉભા થયા છે. જો કે આ હવે નવી એસઓપી અને સુરક્ષા વ્યવસ્થાઓ અમલમાં આવ્યા બાદ ભકતો માં વિશ્વાસ પુનઃ સ્થાપિત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. હવે જોવુ એ રહ્યુ કે આ નવી વ્યવસ્થાઓ માત્ર કાગળ પુરતી મર્યાદીત રહે છે કે પછી ખરેખર ભંડારાની સુરક્ષા માટે અસરકારક સાબિત થાય છે.

# પવિત્ર યાત્રાધામ અંબાજી રાત્રી પૂજા વિવાદ પર હાઈકોર્ટે આપ્યો ચુકાદોઃ મંજુરી આપવી કે નહી તે ટ્રસ્ટ નકકી કરશેઃ હક્કદાવો ન થઈ શકે

પ્રતિનિધિ,ગાંધીનગર




પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મંદિરમાં રાત્રી પૂજા ની મંજુરી મેળવવા બાબતે ચાલી રહેલા વિવાદ અંગે ગુજરાત હાઈકોર્ટ માં મહત્વની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. અમદાવાદના એક ટ્રસ્ટ દ્વારા રાત્રી પૂજાની મંજુરી મેળવવા માટે હાઈકોર્ટ માં અરજી દાખલ કરવામાં આવી છે.

આ કેસની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે મહત્વપૂર્ણ અવલોકન કરતા જણાવ્યુ હતુ કે રાત્રી પૂજાની મંજુરી આપવી કે નહી તે સંપૂર્ણપણે આરાસુરી અંબાજી માતાજી દેવસ્થાન ટ્રસ્ટ ની વિવેકશકિત પર આધારીત છે અને અરજદાર આ મંજુરી મેળવવા માટે પોતાના કોઈ કાયદેસરના અધિકાર કે હક્ક નો દાવો કરી શકે નહી. સુનાવણી દરમિયાન રાજય સરકાર વતી કોર્ટમાં પક્ષ રજુ કરવામાં આવ્યો હતો. સરકારે જણાવ્યુ હતુ કે મંદિરની સુરક્ષા વ્યવસ્થા અને વરસો જુની ધાર્મિક પરંપરાને ધ્યાનમાં રાખીને રાત્રી પૂજા માટે ખુબ જ મર્યાદીત ટ્રસ્ટોને જ આવી મંજુરી આપવામાં આવતી હોય છે. સુરક્ષાના કારણોસર દરેકને આવી મંજુરી આપવી શકય નથી. ગુજરાત હાઈકોર્ટે સુનાવણી દરમિયાન નોંધ્યુ હતુ કે અરજદાર ટ્રસ્ટને ભુતકાળમાં રાત્રી પૂજા માટેની મંજુરી મળેલી છે, જો કે વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હાઈકોર્ટે અરજદારને નિર્દેશ આપ્યો છે કે તેઓ સીધા કોર્ટ માં આવવાને બદલે સૌપ્રથમ આરાસુરી અંબાજી ટ્રસ્ટ સમક્ષ પોતાની યોગ્ય રજુઆત કરે, ટ્રસ્ટ દ્વારા લેવામાં આવનારા નિર્ણય બાદ જ આગળની સ્થિતિ સ્પષ્ટ થશે. આ કેસની વધુ સુનાવણી આજે બુધવારે હાઈકોર્ટમાં હાથ ધરવામાં આવશે. જેમાં આગળની કાનુની દલીલો પર કોર્ટ પોતાનો આદેશ આપી શકે છે.

# સુરતમાં દુષ્કર્મ પીડીતાનો કેસ લડતા વકીલે જ સગીરા પર દુષ્કર્મ આચર્યુઃ વિડીયો ઉતારીને વકીલે બ્લેકમેઈલ પણ કરી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



સુરત શહેરમાં ગુન્હાખોરીના વધતાજતા ગ્રાફ વચ્ચે એક ચોકાવનારા સમાચાર પ્રાપ્ત થયા છે. કાયદાના રક્ષક ભક્ષક બન્યા છે. પોતાની દિકરીને ન્યાય અપાવવા માટે જે વકીલ પર પરીવારે અતુટ ભરોસો મુકયો હતો. તે જ વકીલે ૧૩ વરસની માસુમ કિશોરીને પોતાની હવસનો શિકાર બનાવી હતી. કેસ નબળો પાડી દેવાની ધમકી આપીને વકીલે સગીરા પર કુકર્મ આચર્યુ અને તેનો વિડીયો બનાવી બ્લેકમેઈલ પણ કરી હતી.

આ સમગ્ર મામલે પીડીતાના પિતાએ સુરતના સચિન જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગણતરીના કલાકોમાં જ નરાધમ વકીલની ધરપકડ કરી તેને જેલના સળીયા પાછળ ધકેલી દીધો છે. વર્ષ ૨૦૨૫ માં ફરીયાદીની સગીર દિકરીનુ ૨ આરોપીઓએ અપહરણ કરી દુષ્કર્મ આચર્યુ હતું. આ કેસમાં પોલીસે ચાર્જશીટ રજુ કર્યા બાદ, પીડીત કિશોરીના પિતાએ કોર્ટમાં પોતાનો પક્ષ મજબુતાઈથી રાખવા માટે વકીલ પ્રણયરાજ ગોવિંદભાઈ રણવીર ને રોકયા હતા.

૧૨ જુલાઈ ૨૦૨૬ ના રોજ વકીલ પ્રણય રાજે કિશોરીના પિતાને ફોન કરી દિકરીને ઘરકામ માટે નોકરીએ રાખવાનુ બહાનુ બતાવ્યુ હતું. પિતાએ ના પાડતા વકીલે ધમકી આપી હતી કે, કિશોરીને કામ પર નહી મોકલો તો તમારી દિકરીનો જે જુનો કેસ કોર્ટમાં ચાલે છે, તેમાં હું મોટુ નુકશાન કરાવી દઈશ અને કેસ બગાડી નાંખીશ, આ દબાણમાં આવીને પિતાએ દિકરીને વકીલ સાથે મોકલી હતી. વકીલ પ્રણયરાજ સગીરાને પોતાની ગાડીમાં બેસાડીને ડીંડોલી ખાતે આવેલી વેદાંતવીલા સોસાયટીના મકાન નં. ૪૨ માં લઈ ગયો હતો. ત્યાં તેણે પોતાનુ અસલી રાક્ષસી સ્વરૂપ ધારણ કરીને મારપીટ કરી, ડરાવી ધમકાવીને તેની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચર્યુ હતું. એટલુ જ નહી તેણે કુકર્મ આચરીને કિશોરીને બ્લેકમેઈલ કરવાના ઈરાદે પોતાના મોબાઈલમાં આખી ઘટનાનો વિડીયો પણ ઉતારી દીધો હતો. પકડાયેલો વકીલ પ્રણયરાજ રણવીર અગાઉ થી જ ગુન્હાહિત ઈતિહાસ ધરાવે છે. તેની સામે અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં ૬ જેટલા ગંભીર ગુન્હા નોંધાયેલા છે. ઉપરાંત તેની પત્નીએ પણ તેની સામે ઘરેલુ હિંસાનો કેસ કરેલો છે અને બંને અલગ રહે છે. આ નરકાગારમાંથી મુકત થયા બાદ ભયભીત કિશોરીએ રડતા રડતા પોતાના પિતાને બધી આપવીતી જણાવી હતી. આ સાંભળીને પિતા તાત્કાલીક સચિન જીઆઈડી પોલીસ સ્ટેશન પહોચ્યા હતા. ઘટનાની ગંભીરતા જોઈને એસીપી એ સી તરડે સહિતના ઉચ્ચ અધિકારીઓ તુરંત એકશનમાં આવ્યા હતા અને ગુન્હો નોંધી ગણતરીના કલાકોમાં જ વકીલને ઝડપી લીધો હતો. હાલ પોલીસ આ મામલે કોર્ટમાં આરોપીને કડકમાં કડક સજા થાય તે દિશામાં જીણવટભરી તપાસ કરી રહી છે.

# દહેજની માંગણી અને ત્રાસના કારણે પરણીતાએ આપઘાત કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના દઢાલ ગામેથી એક અત્યંત ચિંતાજનક અને કાયદા-વ્યવસ્થા સામે લાલબત્તી ધરતો કિસ્સો સામે આવ્યો છે. દઢાલ ગામે રહેતી એક પરણીતાએ સાસરિયા પક્ષના અસહ્ય ત્રાસથી કંટાળીને ગત ૧૧ જુલાઈના રોજ પોતાના ઘરે ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. પરણીતાના આપઘાત બાદ તેના પિતાએ સાસરિયાઓ સામે ગંભીર આક્ષેપો સાથે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ, લગ્ન બાદથી જ પરણીતાને પિયરમાંથી વધુ દહેજ અને કિંમતી ચીજવસ્તુઓ લાવવા બાબતે સાસરિયાઓ દ્વારા દબાણ કરવામાં આવતું હતું. દહેજની ભૂખ સંતોષવા માટે પતિ, સાસુ, સસરા, જેઠ અને જેઠાણી દ્વારા ભેગા મળીને પરણીતાને અવારનવાર મેણા-ટોણા મારવામાં આવતા હતા અને તેને અસહ્ય શારીરિક તેમજ માનસિક યાતનાઓ આપવામાં આવતી હતી.

# ગુજરાત યુથ કોંગ્રેસે નેતાઓ સામે કરી લાલ આંખઃ માત્ર હોદ્દો પુરતો નથીઃ કામ કરો અથવા પદ છોડો : ગુજરાત યુથ કોંગ્રેસે ૩૦ જિલ્લા અધ્યક્ષો સહિત ૫૬ પદાધિકારીઓને નોટીસ ફટકારી

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાત યુથ કોંગ્રેસમાં હાલ મોટા ફેરફારોના સંકેત મળી રહ્યા છે. આગામી ચુંટણીઓને ધ્યાનમાં રાખીને સંગઠનને વધુ સક્રિય અને આક્રમક બનાવવાના ઉદેશ સાથે યુથ કોંગ્રેસના પ્રભારી નિખીલ દ્વિવેદીએ લાલ આંખ કરી છે. લાંબા સમયથી સંગઠનાત્મક કામગીરીમાં નિષ્ક્રિય રહેલા પદાધિકારીઓ સામે કડક વલણ અપનાવતા તેમણે એક સાથે ૫૬ નેતાઓને કારણદર્શક નોટીસ ફટકારી છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે નિખીલ દ્વિવેદીએ રાજયના ૩૦ જિલ્લા અધ્યક્ષો અને ૫૬ પ્રદેશ પદાધિકારીઓને કારણ બતાવો નોટીસ ફટકારી છે. આ નેતાઓને તેમના કાર્યકાળ દરમિયાન કરેલી કામગીરી અને સંગઠનાત્મક ગતિવિધિઓ અંગે તાત્કાલીક ખુલાસો રજુ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. યુથ કોંગ્રેસના પ્રભારીએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે હવે સંગઠનમાં કોઈપણ પ્રકારની નિષ્ક્રિયતા ચલાવી લેવામાં આવશે નહી. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે યુથ કોંગ્રેસમાં માત્ર હોદ્દાનુ નામ ધરાવવુ પુરતુ નથી, પરંતુ જનતાના પ્રશ્નો માટે સડક પર ઉતરીને સંઘર્ષ કરવો અનિવાર્ય છે. જો નિર્ધારીત સમય મર્યાદામાં સંતોષકારક જવાબ નહી મળે તો શિસ્તભંગના કડક પગલા લેવામાં આવશે. આ કડક વલણ પાછળનો મુખ્ય ઉદેશ સંગઠનને ગતિશીલ બનાવવાનો છે. નેતૃત્વ દ્વારા એવો સંદેશ આપવામાં આવ્યો છે કે જે કાર્યકરો જમીની સ્તર પર મહેનત કરશે અને જનતાના મુદ્દાઓ માટે સંઘર્ષ કરશે, તેમને જ સંગઠનમાં મોટી જવાબદારીઓ અને વિશેષ તકો આપવામાં આવશે. આ પગલાથી સ્પષ્ટ થાય છે કે ગુજરાત યુથ કોંગ્રેસ હવે વધુ આક્રમક બનવાની તૈયારીમાં છે. લાંબા સમયથી નિષ્ક્રિય રહેલા પદાધિકારીઓને હટાવીને નવા અને ઉત્સાહી કાર્યકરોને આગળ લાવવાની કવાયત તેજ બની છે. આ ફેરબદલ આગામી સમયમાં રાજયના રાજકારણમાં બુથ કોંગ્રેસની ભુમિકાને વધુ મજબુત બનાવે તેવી શકયતા છે.

# સરકારી કર્મચારીઓની દિવાળી વહેલી આવીઃ આખરે હજારો કર્મચારીઓ માટે જુની પેન્શન યોજના લાગુ કરવા સરકારે લીધો નિર્ણય

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતના સરકારી કર્મચારીઓ માટે એક ખુબ જ રાહતના અને મહત્વના સમાચાર પ્રાપ્ત થયા છે. રાજય સરકાર વર્ષ ૨૦૦૫ પહેલા ભરતી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હોય પરંતુ વહિવટી કે કાનુની કારણોસર મોડી નિમણુંક મેળવનારા અંદાજીત ૬૦ હજાર જેટલા કર્મચારીઓને જુની પેન્શન યોજના નો લાભ આપવાની તડામાર તૈયારીઓ કરી રહી છે.

આ અંગે પેન્શન એન્ડ પ્રોવિડન્ડ ફંડ નિયામક કચેરી દ્વારા રાજયના તમામ વિભાગોને પત્ર લખીને પાત્ર કર્મચારીઓની માહિતી તાકીદે મોકલી આપવા આદેશ કરવામાં આવ્યો છે. રાજય સરકારના નાણાં વિભાગના વર્ષ ૨૦૨૪ ના ઠરાવ અને કેન્દ્ર સરકારના નિયમોને આધારે કઈ કેટેગરીના કર્મચારીઓ આ યોજના માટે પાત્ર ઠરશે તેની યાદી મુકવામાં આવી છે. જેમાં જે કર્મચારીની ભરતી માટેની જાહેરાત અથવા પરીક્ષા પ્રક્રિયા ૧ એપ્રિલ ૨૦૦૫ પહેલા પૂર્ણ થઈ ગઈ હતી, જે ઉમેદવારોની નિમણુંક વહિવટી વિલંબ, કોર્ટ કેસ કે અન્ય કાનુની ગુંચવણોને કારણે ૨૦૦૫ પછી થઈ શકી હતી, ફીકસ પગાર હેઠળ સેવા આપ્યા બાદ નિયમિત થયેલા ચોકકસ કર્મચારીઓ કે જેમની મુળ ભરતી પ્રક્રિયા ૨૦૦૫ પહેલાની હતી, નોંધનીય છે કે ૧ એપ્રિલ ૨૦૦૫ પછી સંપૂર્ણપણે નવી ભરતી પ્રક્રિયા હેઠળ નોકરીમાં જોડાયેલા કર્મચારીઓને આ યોજનાનો લાભ મળશે નહી. તેઓ એનપીએસ હેઠળ જ ચાલુ રહેશે, પેન્શન નિયામક કચેરી દ્વારા જારી કરાયેલા પત્ર અનુસાર તમામ સરકારી કચેરીઓ અને વિભાગોએ સંબંધિત કર્મચારીઓના ડેટા એકસલ શીટ માં તૈયાર કરીને ઝડપથી સબમીટ કરવાનો રહેશે, આ પ્રક્રિયા માટે કેટલીક વિગતો ચકાસવા માટે ખાસ સુચના આપવામાં આવી છે. જેમાં (૧) કર્મચારીના પીઆરએએન /પીપીએએન નંબરની વિગત (૨) કર્મચારીના જીપીએફ (જનરલ પ્રોવિડન્ડ ફંડ) ખાતાની ચોકકસ વિગતો (૩) સેવા નિવૃત્તિ અંગેના જરૂરી સરકારી દસ્તાવેજોની ચકાસણી (૪) સરકારે આ કામગીરીને અરજન્ટ કેટેગરીમાં મુકી છે જેથી કરીને લાયકાત ધરાવતા સરકારી સેવકોને સમયસર જુની પેન્શન યોજનાના માળખામાં ટ્રાન્સફર કરી શકાય. ગુજરાતમાં વરસોથી કર્મચારી મંડળો દ્વારા જુની પેન્શન યોજના લાગુ કરવા માટે રજુઆતો અને આંદોલનો કરવામાં આવી રહ્યા છે. ખાસ કરીને જે કર્મચારીઓની ભરતી ૨૦૦૫ પહેલા શરૂ થઈ ગઈ હતી, પરંતુ સરકારી તંત્રના ધીમા વહિવટના કારણે ઓર્ડર મોડો મળ્યો હતો. તેઓ અન્યાયની લાગણી અનુભવી રહ્યા હતા, હવે જયારે સરકારે સત્તાવાર રીતે માહિતી એકત્રિત કરવાનુ શરૂ કર્યુ છે ત્યારે હજારો કર્મચારી પરીવારોમાં તેમના ભવિષ્ય અને નિવૃત્તિ બાદની સામાજિક સુરક્ષાને લઈને આશાનુ નવુ કિરણ જાગ્યુ છે. આગામી દિવસોમાં વિભાગો દ્વારા ડેટા સબમીટ થયા બાદ પાત્ર ઉમેદવારોને ઓફીશીયલ ઓર્ડર ઈસ્યુ થવાની પ્રક્રિયા વેગ પકડશે.

# ગુજરાત હાઈકોર્ટે દુષ્કર્મ પીડીત ૨ સગીરાને ગર્ભપાતની મંજુરી આપીઃ સાબરકાંઠાની ૧૬ વરસની સગીરાને ૨૬ અઠવાડીયાનો અને કચ્છની ૧૭ વરસની સગીરાને ૧૬ અઠવાડીયાનો ગર્ભ

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાત હાઈકોર્ટે એક અત્યંત સંવેદનશીલ અને મહત્વપૂર્ણ ચુકાદો આપતા સાબરકાંઠા અને કચ્છની ૨ દુષ્કર્મ પીડીત સગીરાઓને ગર્ભપાત કરાવવાની મંજુરી આપી દીધી છે. અદાલતે સુપ્રિમ કોર્ટના અગાઉના ચુકાદાઓ અને બંને પીડીત સગીરાઓના શારીરિક તથા માનસિક હિતને સર્વોપરી ગણીને આ માનવતાવાદી આદેશ કર્યો છે. આ સંવેદનશીલ તબીબી પ્રક્રિયા માટે નિષ્ણાંત ડોકટરોની વિશેષ પેનલની રચના કરવામાં આવશે અને ભવિષ્યની કાનુની તપાસના ભાગરૂપે ગર્ભ ના ડીએનએ સેમ્પલ પણ સુરક્ષિત રાખવામાં આવશે.

પ્રથમ કેસની વિગત એવી છે કે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મ ની ફરીયાદ નોંધાઈ હતી. આ મામલામાં ભોગ બનનાર ૧૬ વર્ષની સગીર પીડીતાના ગર્ભપાત માટે હાઈકોર્ટના દ્વાર ખખડાવવામાં આવ્યા હતા. મેડીકલ રીપોર્ટ અનુસાર સગીરાને ૨૬ અઠવાડીયા અને ૦૩ દિવસનો ગર્ભ હતો. જે કાયદાકીય મર્યાદા કરતા વધુ સમયનો હતો. જો કે હાઈકોર્ટે પીડીતાની નાજુક માનસિક સ્થિતિને ગંભીરતાથી ધ્યાને રાખીને હિંમતનગરની સીવીલ હોસ્પિટલના સીનીયર ડોકટરોની વિશેષ દેખરેખ હેઠળ આ ગર્ભપાતની પ્રક્રિયા સત્વરે પૂર્ણ કરવા આદેશ આપ્યો છે. તો અન્ય એક કિસ્સામાં કચ્છની ૧૭ વરસની સગીરા સંડોવાયેલી છે. જેને ૧૬ અઠવાડીયાનો ગર્ભ રહ્યો હતો અને આ અંગે ગાંધીધામ ના એ ડીવીઝન પોલીસ મથકે ગુન્હો નોંધાયેલો છે. આ પીડીતા ગંભીર એનિમિયા (લોહીની ઉણપ) ની બિમારીથી પીડીત હોવા છતાં અદાલતે તમામ તબીબી પાસાઓ અને જોખમોની ઝીણવટભરી ચકાસણી કરીને ગાંધીધામ જનરલ હોસ્પિટલમાં ગર્ભપાત કરાવવાની મંજુરી આપી છે. જો કે હાઈકોર્ટની માર્ગદર્શિકા મુજબ બંને કેસમાં પીડીતા અને તેમના પરીવારે પોતાના જોખમે આ સર્જરી કરાવવા માટે હોસ્પિટલ તંત્રને યોગ્ય લેખિત બાંહેધરીપત્ર આપવાનુ રહેશે. હાઈકોર્ટે પોતાના ચુકાદામાં વહિવટી તંત્ર માટે અત્યંત મહત્વની સ્પષ્ટતા કરી છે કે જો ગર્ભપાતની આ જટીલ પ્રક્રિયા દરમિયાન કોઈ બાળક જીવિત જન્મે તો હોસ્પિટલ સત્તાવાળાઓએ તેને બચાવવા માટે તમામ શ્રેષ્ઠ તબીબી સારવાર આપવાની રહેશે. જો ભવિષ્યમાં પીડીતા કે તેનો પરીવાર આ બાળકની જવાબદારી લેવા તૈયાર ન થાય તો રાજય સરકાર અને તેની સંબંધિત બાળ કલ્યાણ એજન્સીઓએ જુવેનાઈલ જસ્ટીસ એકટ હેઠળ તે બાળકની ઉછેર સહિતની સંપૂર્ણ કાનુની જવાબદારી સંભાળવી પડશે.

આ ઉપરાંત ભવિષ્યની અદાલતી કાર્યવાહીમાં ગુન્હા સાબિતી માટે ડોકટરોએ ગર્ભમાંથી વૈજ્ઞાનિક પધ્ધતિ થી ડીએનએ ટીશ્યુ સેમ્પલ મેળવીને સંબંધિત તપાસ અધિકારીને સોંપવાના રહેશે.